# વાર્ષિક અહેવાલ
# ૨૦૧૧-૧૨

# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**આઈએસઓ ૯૦૦૧:૨૦૦૮ પ્રમાણિત કંપની**

**(ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની સંપૂર્ણ માલિકીની ગૌણ કંપની)**

## એક નજરે ...
## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

(ડિસેમ્બર-૨૦૧૨)

| | |
|---|---|
| કુલ વિસ્તાર (ચો.કિ.મી.) | ૪૯,૯૫૦ |
| આવરી લેવાયેલ જીલ્લાઓ | ૬+૩ (અંશતઃ) |
| શહેરોની સંખ્યા | ૪૮ |
| ગામડાંઓની સંખ્યા | ૪,૬૨૮ |
| ગ્રાહકો | ૨૮,૨૪,૮૭૪ |
| વર્તુળ કચેરીઓ | ૪ |
| વિભાગીય કચેરીઓ | ૨૧ |
| કુલ પેટા-વિભાગીય કચેરીઓ | ૧૨૪+૫ (REC) |
| સબ-સ્ટેશનો | ૩૫૪ |
| ટ્રાન્સફોર્મર કેન્દ્રો | ૧,૪૧,૪૮૮ |
| ફિડરો | ૩,૬૭૬ |
| HT લાઈન (કિ.મી.) | ૭૭,૧૨૨ |
| LT લાઈન (કિ.મી.) | ૬૭,૩૦૫ |
| LT/HT ગુણોત્તર | ૦.૮૭ |
| કર્મચારીઓની સંખ્યા | ૭,૩૫૭ |



# નવમો
# વાર્ષિક અહેવાલ
# ૨૦૧૧-૧૨

UGVCL

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી
વિસનગર રોડ,
મહેસાણા - ૩૮૪ ૦૦૧.
(ઉત્તર ગુજરાત)

# નવમો
# વાર્ષિક અહેવાલ
# ૨૦૧૧-૧૨

## અનુક્રમણિકા


| | |
|---|---|
| નિયામક મંડળ | ૦૫ |
| નોટીસ | ૦૬ |
| નિયામકોનો અહેવાલ | ૦૭ |
| ઓડિટરનો અહેવાલ | ૧૯ |
| પાકું સરવૈયું | ૨૪ |
| નફા-નુકસાન ખાતું | ૨૫ |
| રોકડ પ્રવાહ પત્રક | ૨૬ |
| હિસાબી નોંધો | ૨૭ |

## સિદ્ધિઓનાં સથવારે

- ગ્રામ્ય વીજ વિતરણ ક્ષેત્રે સર્વાંગી ઉપયોગી કામગીરી માટે “ઈન્ડિયા પાવર એવોર્ડ-૨૦૧૨” મેળવનાર કંપની.
- વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે પાવર લાઈન એવોર્ડ - ૨૦૧૨ મેળવનાર કંપની.
- વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ભારત સરકારના ઊર્જા મંત્રાલય તરફથી વર્ષ ૨૦૧૦-૧૧ માટે **ગોલ્ડશીલ્ડ** મેળવનાર કંપની.
- એનર્જી એફીસીયન્સી, કન્ઝર્વેશન અને ડીમાન્ડ સાઈડ મેનેજમેન્ટ માટે “ઈન્ડિયા પાવર એવોર્ડ-૨૦૧૦” મેળવનાર કંપની.
- “ગ્રુડ પર્ફોમન્સ એવોર્ડ” જાહેરક્ષેત્રની કેટેગરીમાં “એસ્કલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ-૨૦૦૯” માટે ICWAI તરફથી મેળવનાર કંપની.
- ખેતીક્ષેત્રે સર્વાંગી ઉપયોગી કામગીરી માટે “ઈન્ડિયા પાવર એવોર્ડ-૨૦૦૯” મેળવનાર કંપની.
- ગ્રામ્ય વીજળીકરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ IEEMA “પાવર એવોર્ડ-૨૦૦૮” મેળવનાર કંપની.
- ₹ ૧,૦૦૦ કરોડની વધુ ટર્ન ઓવર ધરાવતી સર્વિસ પ્રોવાઈડર કંપનીઓની કેટેગરીમાં ICWAI તરફથી નેશનલ એવોર્ડ ફોર ‘એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ-૨૦૦૭’ મેળવનાર કંપની.
- વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ભારત સરકારના ઊર્જા મંત્રાલય તરફથી વર્ષ ૨૦૦૫-૦૬ માટે “બ્રોન્ડ શીલ્ડ” મેળવનાર જાહેર ક્ષેત્રની પ્રથમ કંપની.

## સિદ્ધિઓ / પ્રશસ્તિ....

- પાઈલોટ એડવાન્સ્ડ ટ્રાન્સફોર્મર (PAT) ની સંશોધક કંપની.
- કાર્યદક્ષતાનાં ઊંચા માપદંડો પ્રસ્થાપિત કરી આઈએસઓ ૯૦૦૧ : ૨૦૦૮ પ્રમાણિત કંપની
- નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર ટેસ્ટીંગ એન્ડ કેલીબ્રેશન ઓફ લેબોરેટરીઝ (NABL) દ્વારા અધિકૃત મીટર ચકાસણી અંગેનું પ્રમાણપત્ર મેળવનાર કંપની.
- જ્યોતિગ્રામ યોજનાનાં અમલીકરણ દ્વારા સમગ્ર રાષ્ટ્રને રાહ ચિંધનાર જાહેરક્ષેત્રની પ્રથમ કંપની.

## નિયામક મંડળ

| | |
|---|---|
| શ્રી વરુણ નાથ માયરા, આઈએએસ | અધ્યક્ષ |
| શ્રીમતી શાહમીના હુસૈન, આઈએએસ | નિયામક |
| શ્રી એચ. પી. દેસાઈ | નિયામક |
| શ્રી કે. પી. પટેલ | નિયામક |
| પ્રો. અજય પાંડે | નિયામક |
| પ્રો. (ડૉ.) બી. એ. પ્રજાપતિ | નિયામક |
| શ્રી કે. એમ. શ્રીંગારપુરે | નિયામક |
| શ્રી ચંદ્રવદન જે. મેકવાન | નિયામક |
| શ્રી નિત્યાનંદ શ્રીવાસ્તવ, આઈએફએસ | વહીવટી નિયામક |

## કંપની સચિવ

શ્રી નિતિનકુમાર એમ. જોષી, એફસીએસ

## વરિષ્ઠ અધિકારીઓ

| | |
|---|---|
| શ્રી ડી. સી. પરમાર | મુખ્ય ઈજનેર (ઓપરેશન) |
| શ્રી આર. બી. કોઠારી | મુખ્ય પ્રબંધક (નાણાં) |
| શ્રી એસ. આર. પટેલ | ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર (પી એન્ડ પી) |
| શ્રી ડી. એસ. પટેલ | વિશેષ મુખ્ય ઈજનેર (પી) |
| શ્રી એસ. એચ. શાહદાદપુરી | વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ અને આઈટી) |
| શ્રી એમ. જી. ભાવસાર | ઈન્ચાર્જ વિશેષ મુખ્ય ઈજનેર (તાંત્રિક) |

## ઓડિટર્સ

| **નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે** | **નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ માટે** |
|---|---|
| મે. એ યાજ્ઞિક એન્ડ કું. | મે. એસ.સી. અજમેરા એન્ડ કું |
| ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ |
| મહેસાણા | ઉદેપુર |

## બેંકર્સ

| | |
|---|---|
| સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા | બેંક ઓફ બરોડા |
| દેના બેંક | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા |
| ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, સુરત | |

## રજીસ્ટર્ડ કાર્યાલય

વિસનગર રોડ, મહેસાણા - ૩૮૪૦૦૧. ઉત્તર ગુજરાત
ફોન : (૦૨૭૬૨) - ૨૨૨૦૮૦-૮૧; ફેક્સ : ૨૨૩૫૭૪
ઈમેઈલ : corporate@ugvcl.com વેબસાઈટ : www.ugvcl.com

# નોટીસ

આથી સૂચના જારી કરવામાં આવે છે કે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના સભાસદશ્રીઓની **નવમી વાર્ષિક સાધારણ સભા** મંગળવાર, તા. ૧૮મી ડિસેમ્બર, ૨૦૧૨ ના ૧૨.૦૦ કલાકે કંપનીની રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ વિસનગર રોડ, મહેસાણા - ૩૮૪૦૦૧ ખાતે નીચે દર્શાવેલ કામકાજ અંગે મળશે.

**સામાન્ય કામકાજ**

૧. તા. ૩૧મી માર્ચ ૨૦૧૨ ના રોજનું ઓડિટ કરેલ સરવૈયું અને તે તારીખે પૂરા થતા વર્ષ માટેનું નફા-નુકસાન ખાતું તેમજ તે સાથેની નોંધો સહિત કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઑફ ઈન્ડિયાની જો કોઈ ટિપ્પણીઓ હોય તો તે સહિત બોર્ડના નિયામકો તેમ જ ઓડિટર્સના અહેવાલો મેળવવા, તેના ઉપર વિચારણા કરવી અને તેને સ્વીકૃતિ આપવી; તેમ જ

૨. કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઑફ ઈન્ડિયા, નવી દિલ્હી (સી એન્ડ એજી) ધ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટે કંપનીના હિસાબોની ચકાસણી કરવા માટે નિયુક્ત કરવામાં આવેલ અધિકૃત ઓડિટરનું વેતન મુકરર કરવું.

**બોર્ડના આદેશથી**

**દિનાંક : ૧૪ મી ડિસેમ્બર, ૨૦૧૨**
**સ્થળ : અમદાવાદ**

**એન. એમ. જોષી, એફસીએસ**
**કંપની સચિવ**

**નોંધ :**

૧. સભામાં હાજર રહેવા તથા મત આપવાની પાત્રતા ધરાવતા સભ્ય પોતાને બદલે સભામાં હાજર રહી મત આપવા માટે પોતાના પ્રતિનિધિની નિમણુંક કરવાને પાત્ર છે અને આ પ્રતિનિધિ કંપનીના સભ્ય હોય તે જરૂરી નથી. સભા બોલાવવા માટે કંપનીની રજીસ્ટર્ડ કચેરી ખાતે પ્રોક્સી સભા શરૂ થવાના ૪૮ કલાક અગાઉ મળવાં જોઈએ.

૨. કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઑફ ઈન્ડિયા (સી એન્ડ એજી) ની કચેરી ધ્વારા નિમણુંક કરવામાં આવેલ વર્તમાન સ્ટેચ્યુટરી ઓડિટર મે. એ. યાજ્ઞિક એન્ડ કંપની, ચાર્ટર્ડ એકાઉન્ટ્ન્ટસ નવમી વાર્ષિક સાધારણ સભાને અંતે નિવૃત થશે. સી એન્ડ એજીએ મે. એસ. સી. અજમેરા એન્ડ કંપની, ચાર્ટર્ડ એકાઉન્ટ્ન્ટસ, ઉદેપુરની કંપનીના હિસાબોની ચકાસણી કરવા ૩૧મી માર્ચ, ૨૦૧૩ ના અંતે પૂરા થતા નાણાંકીય વર્ષ માટે કંપનીના અધિકૃત ઓડિટર તરીકે નિયુક્તિ કરી છે.

# નિયામકોનો અહેવાલ

**પ્રતિ,**
સભાસદશ્રીઓ,
**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

આથી આપના નિયમકો તા. ૩૧મી માર્ચ, ૨૦૧૨ ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષ માટેના ઓડિટ કરેલા હિસાબો સાથે કંપનીનો નવમો વાર્ષિક અહેવાલ રજૂ કરતાં આનંદ અનુભવે છે.

**નાણાંકીય કાર્યસિધ્ધિ :**

કંપનીના નાણાંકીય પરિણામોની સંક્ષિપ્ત વિગતો નીચે મુજબ છે. (₹ લાખ માં)

| વિગતો | ૨૦૧૧-૧૨ | ૨૦૧૦-૧૧ |
|---|---|---|
| કુલ આવક | ૬,૪૮,૮૪૨ | ૫,૫૨,૧૩૯ |
| ઘસારો, વ્યાજ અને કર અગાઉનો નફો | ૨૩,૯૪૪ | ૨૪,૦૭૪ |
| ઘસારો | ૧૩,૩૪૮ | ૧૨,૨૨૯ |
| વ્યાજ અને નાણાંકીય ખર્ચ | ૯,૦૮૦ | ૧૦,૧૪૦ |
| કર અગાઉનો નફો | ૧,૫૧૫ | ૧,૭૦૬ |
| કર અંગે જોગવાઈ (વિલંબિત કરની જોગવાઈ સહિત) | ૨૭૦ | ૪૩૯ |
| કર બાદનો નફો | ૧,૨૪૫ | ૧,૨૬૭ |
| અગાઉના વર્ષમાંથી નફો આગળ લઈ ગયા | ૪,૩૮૬ | ૩,૧૧૯ |
| વપરાશ માટે ઉપલબ્ધ ચોખ્ખો નફો | ૩,૫૩૫ | ૪,૩૮૬ |

**ડિવિડન્ડ**

કંપનીના સંસાધનોની સાચવણી અને વ્યવસ્થાતંત્રની સુધારણા માટે, આપના નિયામકો વર્ષ માટે કોઈ જ ડિવિડન્ડની ભલામણ કરતા નથી.

**સિધ્ધિઓ :**

વર્ષ દરમિયાન, આપની કંપનીને વર્ષ ૨૦૧૦-૧૧ માટે વીજક્ષેત્રે કાર્યરત વીજ વિતરણ કંપનીઓમાં પ્રશંસનીય કામગીરી માટે ૨૨મી માર્ચ, ૨૦૧૨ના રોજ ભારત સરકારના વીજ મંત્રાલય ધ્વારા સુવર્ણ પદક એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ "વીજ વિતરણ કંપનીઓની કામગીરી" ના પ્રકાર હેઠળ આપવામાં આવે છે. કંપનીને ૧૫મી મે, ૨૦૧૨ ના રોજ રનર્સ અપના: શ્રેષ્ઠ કામગીરી કરનાર રાજયની વીજ વિતરણ કંપની પ્રકારમાં ઈન્ડિયા ઈન્ફ્રાસ્ટ્રકચર પબ્લિશીંગ ધ્વારા પાવર લાઈન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડનો ઉદ્દેશ સમગ્ર દેશમાં વીજક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર વીજ વિતરણ કંપનીની કામગીરી બિરદાવવાનો છે.

**વર્ષ દરમિયાન કામગીરી :**

સમીક્ષા હેઠળ વર્ષ દરમિયાન, આર્થિક અનુદાન અને અન્ય આવક સહિત વીજ વેચાણની આવક ₹ ૬,૪૮,૮૪૨ લાખ (અગાઉના વર્ષે ₹ ૫,૫૨,૧૩૯ લાખ) થઈ હતી. કંપનીએ ગુજરાત ઊર્જા વિકાસ અને નિગમ લિમિટેડ (જીયુવીએનએલ),

સૌર ઉર્જા સ્રોત અને પવનચક્કીના સ્ત્રોત પાસેથી ૧૮,૪૦૮ મિલિયન એકમ (અગાઉના વર્ષે ૧૬,૮૯૧) વીજળીની ખરીદી કરી હતી તથા તમામ શ્રેણીના ગ્રાહકોને ૧૬,૦૩૦ મિલિયન એકમ (અગાઉના વર્ષમાં ૧૫,૨૪૮ મિલિયન એકમ) વીજળીનું વેચાણ કર્યું હતું. કંપનીની સમગ્રતયા વહન અને વિતરણ ખાધ ૧૪.૫૧% ના દરે (અગાઉના વર્ષમાં ૧૦.૯૮%) ૨,૩૭૮ મિલિયન એકમ (અગાઉના વર્ષે ૧,૬૪૩ મિલિયન એકમ) નોંધાઈ છે.

સમીક્ષા હેઠળનું વર્ષ કંપનીની કામગીરીનું છઠ્ઠું વર્ષ છે અને આપની કંપનીએ તેના લક્ષ્યાંકો હાંસલ કરવા હંમેશા પ્રયાસો કર્યો છે. કામગીરી બાબતની કેટલીક વિશિષ્ટતાઓ પૈકી.....

- કુલ ૨,૩૯૬ (અગાઉના વર્ષમાં ૨,૩૨૧) જેટલાં ગ્રામ્ય ફીડરોને ખેતીવાડી પ્રભાવિત ફીડરો તરીકે જાહેર કરવામાં આવ્યાં છે.
- અગાઉના વર્ષમાં પ્રત્યાવર્તી ઊપકરણોની નિષ્ફળતાના ૯.૦૦% નો દર ઘટીને ૮.૧૪% થયો છે.
- વર્ષ દરમિયાન વીજચોરી તથા અન્ય વીજ ગેરરીતિઓ અટકાવવા સતત પ્રયાસ સાથે તકેદારીની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી.
  - – ચકાસવામાં આવેલ વીજ સ્થાપન – ૬,૩૨,૭૫૮ (અગાઉના વર્ષમાં ૭,૦૯,૪૦૨)
  - – વીજ ચોરીમાં પકડાએલ વીજ સ્થાપનો – ૧૧,૯૪૧ (અગાઉના વર્ષમાં ૧૩,૭૬૮)
  - – આકારવામાં આવેલ રકમ – ₹ ૨૦૦૪ લાખ (અગાઉના વર્ષમાં ₹ ૨૨૯૬ લાખ)
- સઘન પ્રયાસો થકી, ઉધાર-પાછલી બાકી રકમ ૧૮.૩૫% (અગાઉના વર્ષમાં ૨૦.૨૧%) સાથે નીચે રહી હતી, જે જીયુવીએનએલની તમામ વીજ-વિતરણ કંપનીઓમાં સૌથી લઘુત્તમ છે.
- પ્રણાલીમાં સારી સુધારણા અને અતિભારિત ફીડરો પર ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો આપવા સારું, વર્ષ દરમિયાન, ૧૬૫ જેટલાં (અગાઉના વર્ષમાં ૧૫૮) ફીડરોનું દ્વિભાજન કરવામાં આવ્યું હતું તેમ જ ચાર્જ કરવામાં આવ્યાં હતાં.
- કુલ ૨,૩૧૦ જેટલાં ભારે વીજદબાણ ધરાવતાં વીજ સ્થાપનો પર સ્વયંસંચાલિત મીટર વાંચન (એએમઆર) મીટરોનું સ્થાપન કરવામાં આવ્યું છે. આના કારણે માનવશ્રમ તેમ જ સંપૂર્ણ ચોકસાઈ સાથે બીલ બનાવવાની પ્રક્રિયાના સમયમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે, અને એ રીતે ગ્રાહક વપરાશની માહિતી અને તકેદારી નીરિક્ષણના અભ્યાસમાં સહાય મળી છે.
- તકનીકી ખાધમાં ઘટાડા માટે, શહેરી, જીઆઈડીસી અને જ્યોતિગ્રામ ફીડરો પર ૧,૨૬૧ (અગાઉના વર્ષમાં ૨,૮૯૦) વિલક્ષણ/૪-સ્ટાર પ્રત્યાવર્તી ઊપકરણોનું સ્થાપન કરવામાં આવ્યું છે.
- ઈ-ઊર્જા યોજના (બિનવિક્ષેપિત ઈઆરપી નિરાકરણ) હેઠળ, સામગ્રી ચકાસણી, પગાર પત્રક, એચઆરએમએસ અને ભારે વીજદબાણ અને હળવા વીજદબાણ ધરાવતા વીજ ગ્રાહકોને આપવાનાં વીજ બીલના ઘટકોનું સફળતાપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું છે. આ થકી ગ્રાહક સંબંધી તમામ પ્રવૃત્તિઓ એલટી સીઆરએમ ઘટકમાં સ્થળાંતરિત કરવામાં આવી છે. કર્મચારી અને ગ્રાહક સંબંધી તમામ કામગીરીઓ આ પ્રણાલી ધ્વારા કરવામાં આવે છે. બીજા ઘટકો કંપનીમાં નવેમ્બર, ૨૦૧૦ થી હળવા વીજદબાણ ધરાવતા ગ્રાહકોને જારી કરવાનાં વીજ બીલ માટે ઈ-ઊર્જા આધારિત બીલીંગની શરૂઆત કરવામાં આવી છે. આના કારણે ગ્રાહક સંબંધી તમામ પ્રવૃત્તિઓને એલટી સીઆરએમ ઘટકમાં ખસેડવામાં આવી છે. કર્મચારી તથા પુરવઠો આપનાર તમામને લગતી સંબંધિત કામગીરીઓ પ્રણાલીમાં કરવામાં આવે છે. બીજા ઘટકોનો અંશતઃ ઉપયોગ કરવામાં આવે છે.

- કુલ ૨,૩૧૪ (અગાઉના વર્ષમાં ૨,૧૭૦) જેટલાં વિશેષ સંરચના સહિતનાં પ્રત્યાવર્તી ઊપકરણો (એસડીટી)નું ખેતીવાડી ફીડરો પર સ્થાપન કરવામાં આવ્યું છે, જેનો લાભ ૯૩,૯૭૯ (અગાઉના વર્ષમાં ૯૩,૪૧૭) જેટલાં ફાર્મહાઉસ વીજ જોડાણ મળી રહ્યો છે.
- કામગીરીમાં પ્રગતિ - નવાં વીજ જોડાણો :
  - નવાં એચટી વીજ જોડાણ - ૨૨૮(અગાઉના વર્ષમાં ૨૨૯)
  - વધારાનો એચટી વીજભાર - ૧૫૭ (અગાઉના વર્ષમાં ૧૭૪)
  - એલટી ઔદ્યોગિક - ૩,૦૯૭ (અગાઉના વર્ષમાં ૩,૫૯૨)
  - ઘરગથ્થું - ૫૬,૩૯૨ (અગાઉના વર્ષમાં ૬૯,૨૦૧)
  - વારિગૃહ - ૭૦૨ (અગાઉના વર્ષમાં ૫૦૧)
  - ખેતીવાડી વીજ જોડાણ
    - ૦ એસપીએ કૂવા (સાધારણ યોજના) - ૧૦૨૮ (અગાઉના વર્ષમાં ૮૭)
    - ૦ ટીએએસપી કૂવાઓ - ૩૨૬૧ (અગાઉના વર્ષમાં ૩૩૭૧)
    - ૦ તત્કાલ યોજના - ૪૦૬૪ (અગાઉના વર્ષમાં ૦)
  - પેટાંપરાંઓનું વીજળીકરણ - ૨ (અગાઉના વર્ષમાં ૫)
  - એસસીએસપી (ઘરગથ્થું) - ૩૭૬૪ (અગાઉના વર્ષમાં ૫૩૬૦)
  - આરજીજીવીવાય (નવાં વીજ જોડાણ) - ૧૭૮૬૫ (અગાઉના વર્ષમાં ૫૯૯૪૫)
  - ઝૂંપડપટ્ટી વીજ જોડાણ- ૨૦૩૦૧(અગાઉના વર્ષમાં ૨૫૦૯૧)
  - કુટીરજ્યોતિ વીજ જોડાણ - ૧૮૮૯ (અગાઉના વર્ષમાં ૫૭૧૫)
  - પ્રણાલીના નેટવર્કમાં વૃધ્ધિ -
    - ૦ એચટી વીજરેષા - ૧૮૪૭ કિમી (અગાઉના વર્ષમાં ૨૧૦૩ કિમી)
    - ૦ એલટી વીજરેષા - ૨૨૬૫ કિમી ((અગાઉના વર્ષમાં ૨૮૩૫ કિમી)
    - ૦ પ્રત્યાવર્તી ઊપકરણ કેન્દ્રો - ૮૩૮૭ (અગાઉના વર્ષે ૩૮૪૪)

**દૂરવર્તી નિયંત્રણ એકમ સહિતનું ભૂમિગત કેબલીંગ :**

વિસ્તારના સ્વરૂપને સુસંગત જમીન સાથે સુસંગત સાતત્યપૂર્ણ તથા વિશ્વસનીય વીજ પૂરવઠો પૂરો પાડવા થકી ગ્રાહકોને સંતોષ આપવા, બોપલ, ઘુમા, આંબલી તથા બોડકદેવ વિસ્તારોમાં જમીનમાં કેબલ નાખવાની કામગીરી સફળતાપૂર્વક કાર્યાન્વિત કરવામાં આવી છે અને અમદાવાદના પરા વિસ્તારો એવા ચાંદખેડા અને સાયન્સ સિટી, ગાંધીનગરમાં કોબા સર્કલથી ઈન્ફોસિટી સુધીના વિસ્તારોમાં તેમજ ધાર્મિક સ્થળ અંબાજી ખાતે આ કામગીરી પ્રગતિમાં છે.

**ફીડરનું દ્વિભાજન :**

ખેતીવાડી ફીડરો પરના વીજ પુરવઠાની ગુણવત્તા સુધારવા, ૨૩૭ (અગાઉના વર્ષે ૧૮૦) જેટલા અતિભારિત અને નબળું વૉલ્ટેજ નિયમન ધરાવતા ફીડરોનું દ્વિભાજન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

**સરકારી યોજનાઓ :**

કંપનીએ રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના (છ જિલ્લાઓમાં), ઝૂંપડપટ્ટી, કુટિર જ્યોતિ, ટીએએસપી કૂવાઓ, ટીએએસપી-પેટા પરાં, સરકારી શાળાઓ તેમ જ આંગણવાડીઓ, આદિજાતી ખેતીવાડી વીજ જોડાણો માટેની લઘુ સિંચાઈ પ્રણાલી (એમઆઈએસ) વગેરે જેવી સરકાર પુરસ્કૃત વિદ્યુતીકરણ પ્રવૃત્તિના તમામ લક્ષ્યાંકો હાંસલ કર્યા છે.

**પુર્નગઠિત વીજ વિકાસ તથા નવનિર્માણ કાર્યક્રમ : (આર-એપીડીઆરપી) :**

આર-એપીડીઆરપી યોજનાના વિભાગ-બ હેઠળ, પાવર ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ ધ્વારા કંપનીને બાવળા, દહેગામ, કલોલ, રાધનપુર, સાણંદ અને વિરમગામ એમ છ યોજનાઓ માટે ₹ ૬.૧૫ કરોડ (કુલ યોજનાકીય ખર્ચ ₹ ૨૪.૬૨ કરોડ સામે) નું ધિરાણ મંજૂર કરવામાં આવ્યું છે. પીએફસીએ ₹ ૩.૬૯ કરોડનું આર્થિક અનુદાન આપ્યું છે. આ યોજના હેઠળ, વર્ષ દરમિયાન, આર-એપીડીઆરપી યોજના હેઠળ, કુલ મંજૂર કરવામાં આવેલ ₹ ૨૪.૬૨ કરોડના યોજનાકીય ખર્ચ સામે, કામગીરીના અમલીકરણ સારું ₹ ૧૨.૯૫ કરોડ (એકત્રિત ₹ ૧૪.૪૧ કરોડ) નો વપરાશ કરવામાં આવ્યો છે. પીએફસીએ સ્કાડા યોજના હેઠળ, ₹ ૩૩.૮૨ કરોડનું આર્થિક અનુદાન મંજૂર કરેલ છે અને વર્ષ દરમિયાન, પીએફસીએ ₹ ૧૦.૧૫ કરોડની રકમ છૂટી કરી છે.

**રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના (આરજીજીવીવાય) :**

ગામડાંઓનાં તમામ રહેણાંકોમાં વીજળી પહોંચાડવા, ગરીબીરેખા હેઠળના તમામ રહેણાંકોમાં નિઃશુલ્ક વીજ પુરવઠો પૂરો પાડવા કેન્દ્ર સરકારે એપ્રિલ, ૨૦૦૫ મધ્યવર્તી સંસ્થા રૂરલ ઈલેકટ્રીફિકેશન લિમિટેડ, નવી દિલ્હી ધ્વારા આરજીજીવીવાય યોજનાનો આરંભ કર્યો હતો. યોજના અંતર્ગત, ભારત સરકાર ધ્વારા ૯૦% રકમ આર્થિક અનુદાન તરીકે અને રૂરલ ઈલેકટ્રીફિકેશન કોર્પોરેશન લિમિટેડ ધ્વારા રાજ્ય સરકારોને ૧૦% રકમ ધિરાણ તરીકે આપવામાં આવે છે. કંપનીના નિયમાનુસાર, લાભાર્થીઓએ વીજ વપરાશ પેટે નિયમિતપણે વીજ બીલોની રમક ચુકવવાની રહેશે. યોજનાની ફરજિયાત શરતો અનુસાર, આરજીજીવીવાય યોજનાની કામગીરી ટર્ન-કી આધારે કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન, આરઈસીએ ₹ ૭.૩૫ કરોડનું ભંડોળ (એકત્રિત ₹ ૬૪.૪૬ કરોડ) વિતરણ કર્યું હતું. વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન, કામગીરીના અમલ માટે ઉપયોગમાં લેવામાં આવેલ ભંડોળની રકમ ₹ ૨૦.૫૭ કરોડ (એકત્રિત ₹ ૬૨.૪૩ કરોડ) હતી.

**વીજ વ્યવસ્થાપન કેન્દ્રની સ્થાપના :**

માહિત પ્રૌદ્યોગિકી સમર્થનકારી વીજ વિતરણ પ્રવૃતિની કામગીરીમાં સુધારણા લાવવાના આશય થકી, કંપનીએ ગાંધીનગર ખાતે વીજ વ્યવસ્થાપન કેન્દ્રની સ્થાપના કરી છે, વીજ વ્યવસ્થાપન કેન્દ્રની મુખ્ય પ્રવૃત્તિઓમાં ફીડરના મીટરની આંકડાકીય માહિતી પ્રાપ્તિ, ભારે વીજદબાણ ધરાવતા વીજ ગ્રાહકોના સ્વયંસંચાલિત દૂરવર્તી મીટરનું વાંચન, વીજ હિસાબ તપાસણી, વીજ વિતરણ નેટવર્કની જીઆઈએસ (ભૌગોલિક માહિતી પ્રણાલી), નેટવર્કનું વિશ્લેષણ અને સુધારણા, ગ્રાહક નિયમન અને ખાધ હિસાબીકરણ પ્રણાલી વગેરેનો સમાવેશ થાય છે.

**આંર્તરાજ્ય ઉપલબ્ધતા આધારિત વીજદર માળખું :**

ક્ષેત્રિય વીજભાર રવાનગી કેન્દ્ર (એએલડીસી) ગ્રીડ શિસ્તબધ્ધતા અને શ્રેષ્ઠ સંભાવ્ય વાણિજ્યિક કામગીરી જાળવવા સફળ ત્વરિત કામગીરીઓ માટે પ્રયત્નશીલ છે. ખેતીવાડી ગ્રાહકોના ૧૬ જેટલા સમુદાયનું ૫૯ જેટલા સમુદાયમાં પુનઃસમૂહીકરણ કરવા ધ્વારા વીજભાર આલેખને લગભગ સમતલ બનાવવામાં આવ્યો છે. આરંભે, ખેતીવાડી, ગ્રાહકોનો પ્રત્યેક સમુદાય ૧૫૦ મે.વો. કરતાં વધુ હતો. પુનઃસમૂહીકરણ બાદ, આ દરેક સમુદાયને પ્રત્યેકને ૫૦ થી ૬૦ મે.વો. ક્ષમતામાં વિભાજીત કરવામાં આવ્યો છે. પરિણામ સ્વરૂપ, મહત્તમ અને લઘુત્તમ વીજ પ્રાપ્તિ વચ્ચેનો તફાવત ૮૫૦ મે.વો.થી ઘટીને ૩૫૦ મે.વો. થાય છે. ગુજરાત વીજ નિયમન પંચના આદેશાનુસાર, ગ્રીડ શિસ્તબધ્ધતા જાળવવા, આંર્તરાજ્ય આધારીત વીજદર માળખાનું તા. ૫ મી એપ્રિલ, ૨૦10 થી અમલીકરણ કરવામાં આવ્યું છે. ક્ષેત્રિય વીજભાર રવાનગી કેન્દ્ર (એએલડીસી) અનિર્ધારિત વીજ-વિનિમય ફાળવણીમાંની મહત્તમ લાભ હાંસલ કરવા, ઉચ્ચ વીજ આવર્તન દરમિયાન મહત્તમ વીજ પ્રાપ્તિ અને નિમ્ન વીજ આવર્તન દરમિયાન લઘુત્તમ વીજ પ્રાપ્તિ મેળવવાનો પ્રયત્ન કરે છે. આમ, યોગ્ય ત્વરિત કામગીરીઓ વડે, કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ માં અનિર્ધારિત વીજ-વિનિમય પેટે ₹ ૬૪.૧૩ કરોડ મેળવ્યા છે.

**વીજવહન અને વિતરણ ખાધ ઘટાડા યોજનાઓ :**

કંપનીએ ૩૦% કે વધુ વીજ ખાધ ધરાવતાં ખેતીવાડી અને બિન-ખેતીવાડી ફીડરોમાં વીજવહન અને વિતરણ ખાધ ઘટાડવા માટે કુલ ₹ ૧૮૦ કરોડના યોજનાકીય ખર્ચે યોજનાનો અમલ કર્યો છે. યોજનાની ઈરડા ધ્વારા ઝીણવટપૂર્વક ચકાસણી કરવામાં આવી છે. યોજના અંતર્ગત, તબક્કાવાર કામગીરીઓ હાથ ધરવામાં આવે છે. ફીડરનું દ્વિભાજન, હળવા વીજભાર ધરાવતી ખુલ્લી વીજરેષાઓના સ્થાને એબી વીજવાહકોનું સ્થાપન, આવરણ સહિતની સહાયક વીજરેષા વડે હયાત સહાયક વીજરેષા બદલવી, સ્થાયી/ગુણવત્તાયુક્ત વિશિષ્ટ પ્રકારનાં પ્રત્યાવર્તી ઊપકરણો પૂરાપાડવાં, નવાં વીજ જોડાણો આપવાં, વીજ સ્થાપન ચકાસણી વગેરે જેવી પ્રવૃતિઓ માટે પ્રથમ તબક્કામાં ૪૨ (૩૭ જેટલાં જ્યોતિગ્રામ + ૫ શહેરી) ફીડરોની પસંદગી કરવામાં આવી છે. એ જ રીતે, બીજા તબક્કામાં કુલ ૬૦ (૫૭ જયોતિગ્રામ + ૩ શહેરી) ફીડરોની પસંદગી કરવામાં આવી છે.

જયોતિગ્રામ શ્રેણીમાં આધાર વર્ષની તુલાનાએ, વર્ષ ૨૦૧૧-૧૨ માં પ્રથમ તબક્કા માટે વિતરણ ખાધની ટકાવારીમાં ૮.૭૮% જેટલી વિતરણ ખાધનો ઘટાડો જોવા મળ્યો છે. (૬૧.૫૩% થી ૫૨.૭૫%)

જયોતિગ્રામ શ્રેણીમાં આધાર વર્ષની તુલનાએ, વર્ષ ૨૦૧૧-૧૨ માં બીજા તબક્કા માટે વિતરણ ખાધની ટકાવારીમાં ૫.૬% જેટલી વિતરણ ખાધનો ઘટાડો જોવા મળ્યો છે. (૫૫.૭૯% થી ૫૦.૧૯)

**ગ્રાહક સેવાઓ :**

મહેસાણા ખાતે આરએપીડીઆરપી યોજના હેઠળ કેન્દ્રિયકૃત ગ્રાહક સંભાળ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. આ કેન્દ્ર અત્યાધુનિક પ્રૌદ્યોગિકીથી સજ્જ પૂર્ણપણે સ્વયંસંચાલિત કેન્દ્ર છે. આ કેન્દ્ર ગ્રાહકોની ફરિયાદોનું ઝડપી નિરાકરણ કરવામાં મદદરૂપ બને છે તથા ગ્રાહકનો સંતોષ વધે છે.

**ગ્રાહક તકરાર નિરાકરણ મંચ :**

વીજધારા, ૨૦૦૩ અને તે અંતર્ગત નિયમનો ધ્વારા આદેશ આપ્યા મુજબ, કંપનીએ ગ્રાહક તકરાર નિવારણ મંચની સ્થાપના કરી છે. વર્ષ દરમિયાન, કુલ ૨૬૯ જેટલા મુકદ્દમાઓનો નિકાલ કરવામાં આવ્યો હતો.

**વીજદર માળખું :**

ગુજરાત વીજ નિયમન પંચ (જર્ક) રાજયની વીજ સેવા આપતી સંસ્થાઓની કામગીરીનું નિયમન કરતી સત્તા છે અને તેને વીજ ઊર્જાના અંતિમ ગ્રાહકો માટે છૂટક વીજદર નિર્ધારિત કરવા સાથે સાથે વિવિધ કામગીરીઓ આપવામાં આવી છે.

વીજધારા, ૨૦૦૩ ની કલમ-૬૨ તેમ જ જર્કના સુસંગત નિયમનો અંર્તગત, કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ ની વાર્ષિક કામગીરીની સમીક્ષા અને નાણાંકીય વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટેના વીજ દર નિર્ધારિત કરવા માટે જર્ક (એમવાયટી માળખા) નિયમનો ૨૦૧૧ અને વીજધારા , ૨૦૦૩ ની (કલમો-૬૧ થી ૬૪) ના ઘટક-૭ હેઠળ સુસંગત માર્ગદર્શિકાઓ મુજબ, માનનીય પંચ ધ્વારા સુઓમોટો મુકદ્દમા ક્રમાંક ૧૧૯૪/૨૦૧૨ ધ્વારા માગવામાં આવેલ વિગતો પૂરી પાડી છે. તા. ૭મી મે, ૨૦૧૨ ના રોજ યોજાએલ સુનાવણી બાદ, જર્કે ૨ જૂન, ૨૦૧૨ ના રોજ પોતાનો ચુકાદો જારી કર્યો હતો તેમ જ તા. ૧ લી જૂન ૨૦૧૨ ની અસરથી છૂટક વીજદરો નિર્ધારિત કર્યા હતા. વીજદરનું માળખું નિર્ધારિત કરતા ઉક્ત આદેશ અનુસાર, ગરીબીરેખા હેઠળ જીવતા ગ્રાહકો સિવાયના તમામ પ્રકારના ગ્રાહકો માટે, જેમાં પ્રથમ, રહેણાંક તથા ખેતીવાડી ગ્રાહક માટે માસિક વપરાશના પ્રથમ ૫૦ વીજ એકમો માટે વીજ દરમાં માત્ર ૧૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે.

**ઓડિટર્સ**

નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ માટે કંપનીના હિસાબોની ચકાસણી કરવા માટે કંપનીના અધિકૃત ઓડિટર્સ તરીકે મે. અશ્વિન કે. યાજ્ઞિક એન્ડ કંપની, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, મહેસાણાની નિમણુંક કરવામાં આવી હતી. નવી દિલ્હી સ્થિત કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (સીએન્ડએજી) એ નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટે કંપનીના હિસાબોની અધિકૃત ચકાસણી

હાથ ધરવા માટે કંપનીના અધિકૃત ઓડિટર તરીકે મે. એસ.સી. અજમેરા એન્ડ કંપનીની નિમણુંક કરી છે. કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૨૪ ની જોગવાઈઓને સુસંગત, કંપની ધ્વારા સાધારણ સભામાં તેઓનું વેતન નિર્ધારિત કરવાનું છે.

**ઓડિટરનો અહેવાલ :**

ઓડિટરના અહેવાલમાં નિર્દિષ્ટ હિસાબો અંગેની નોંધ સ્વયં-સ્પષ્ટ છે અને તેથી વધારાની ટિપ્પણીની આપવાની કોઈ જ જરૂર નથી.

કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૬૧૯ (૪) ને સુસંગત કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયાની ટિપ્પણીઓ/અહેવાલ અત્રે આ સાથે જોડવામાં આવેલ છે. બોર્ડનો તે પરનો પ્રત્યુતર પણ અત્રે બીડવામાં આવેલ છે અને આ અહેવાલનો તે હિસ્સો છે.

**કોસ્ટ ઓડિટર :**

કંપની ધ્વારા ખર્ચ વિષયક હિસાબી નોંધવહીઓ (અધિનિયમ), ૨૦૦૧ અંતર્ગત રાખવામાં આવતી વીજ ઉદ્યોગ વિષયક ખર્ચ અંગેની નોંધવહીઓ અને હિસાબી ચોપડાઓની ચકાસણી માટે કોસ્ટ ઓડિટરની નિમણુંક કરવા માટે, ભારત સરકારના કંપનીઓને લગતા મંત્રાલયે, કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૩૩-બી અંતર્ગત નીચે ચકાસણી આદેશ જારી કર્યો છે. આમ, બોર્ડના નિયામકોએ મે. આશિષ એસ. ભાવસાર, અમદાવાદની નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટે કોસ્ટ ઓડિટર તરીકે નિમણુંક કરી છે, જેને વીજ ઉદ્યોગ સંબંધી ખર્ચ અંગેના હિસાબોની ચકાસણી કરવા સારું કેન્દ્ર સરકાર ધ્વારા મંજૂરી આપવામાં આવી છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ માટે કોસ્ટ ઓડિટરોએ કોસ્ટ ઓડિટ અહેવાલ તૈયાર કર્યો છે. ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૨ ના રોજ અથવા તે અગાઉ રજૂ કરવાનો ખર્ચ વિષયક અહેવાલ કોસ્ટ ઓડીટર ધ્વારા કેન્દ્ર સરકાર (એમસીએ પૉર્ટલ) સમક્ષ નિયત તારીખ અગાઉ રજૂ કરવામાં આવશે.

**નિયામકો :**

છેલ્લી વાર્ષિક સાધારણ સભા (આઠમી) તારીખ ૨૮મી ડિસેમ્બર, ૨૦૧૧ ના રોજ યોજાઈ ત્યારથી, બોર્ડ ઓફ ડાયરેકટર્સમાં કોઈ જ ફેરફાર નથી.

તા. ૨૩મી ઓગષ્ટ, ૨૦૧૧ ના રોજ સુધારેલ કંપનીના આર્ટિકલ્સ ઑફ એસોસિએશન મુજબ, કોઈપણ નિયામકે ક્રમાનુસાર નિવૃત થવાની આવશ્યકતા નથી.

**નિયામકોની જવાબદારી અંગેનું નિવેદન :**

કંપનીધારા, ૧૯૫૬ ની, કલમ-૨૧૭ (૨-અઅ) ની જોગવાઈઓને સુસંગત, નિયામકો બહાલી આપતાં જણાવે છે :

૧. વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં લાગુ પડતા હિસાબી ધોરણો અનુસરવાની સાથે જો સામગ્રીની કોઈ જાવક હોય તો, તે અંગે યોગ્ય ખુલાસો આપવામાં આવ્યો છે,

૨. હિસાબી નીતિઓ પસંદ કરીને સાતત્યપૂર્ણ રીતે લાગુ કરવામાં આવી છે તેમજ તા. ૩૧મી માર્ચ ૨૦૧૨ના રોજ કંપનીની સ્થિતિ તે જ તારીખ પૂરા થતા વર્ષ માટે કંપનીના નફા અંગેની સાચી અને વ્યાજબી જાણકારી આપવાના આશયથી, તાર્કિક અને વ્યવહારૂ ગણાય એવા નિર્ણયો અને અંદાજો આપવામાં આવ્યા છે,

૩. કંપનીધારા, ૧૯૫૬ ની જોગવાઈઓને સુસંગત કંપનીની અસ્કયામતોની સુરક્ષા માટે તેમ જ છેતરપિંડી અને અન્ય અનિયમિતતાઓ અટકાવવા માટે પર્યાપ્ય હિસાબી નોંધો રાખવા માટે યોગ્ય અને પર્યાપ્ત કાળજી લેવામાં આવી છે, અને

૪. સંસ્થા ચાલુ એકમ છે એ આધારે વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવ્યા છે.

**ઓડિટ કમિટી :**

કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૨૯૨-એ ને સુસંગત, આપની કંપનીએ અહેવાલની તારીખે બોર્ડની ઓડિટ કમિટીને નીચે મુજબની રચના કરી છે.

| | | |
|---|---|---|
| પ્રો. અજય પાંડે | – | અધ્યક્ષ |
| પ્રો. (ડૉ.) બી. એ. પ્રજાપતિ | – | સભ્ય |
| શ્રી કે. એમ. શ્રીગારપુરે | – | સભ્ય |
| શ્રી સી. કે. મેકવાન | – | સભ્ય |

**ડિસ્કલોઝર્સ :**

**(અ) કર્મચારીઓની વિગતો :**

કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૨૧૭ (૨અ) ની જોગવાઈઓને સુધારા સહિતની કંપનીના (કર્મચારીઓની વિગતો) નિયમો, ૧૯૭૫ સાથે વંચાણે લેતાં, વર્ષ દરમિયાન, સદર જોગવાઈઓ અંતર્ગત મુકરર કરવામાં આવેલ પગાર ધોરણથી વધારે પગાર મેળવતો કોઈ જ કર્મચારી નહોતો.

**(બ) વીજ સંરક્ષણ અને પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ :**

કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૨૧૭ (૧) (ઈ) ને કંપની (બોર્ડના નિયામકોના અહેવાલમાં વિગતોના પ્રગટીકરણ) નિયમો, ૧૯૮૮ સાથે વંચાણે લેતાં, વીજ સંરક્ષણ, પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ વિષયક માહિતી આ અહેવાલમાં પરિશિષ્ટ-૧માં આપવામાં આવી છે જે આ અહેવાલનો હિસ્સો છે.

**(ક) વિદેશી હુંડિયામણ આવક અને જાવક :**

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, વિદેશી હુંડિયામણની કોઈ જ આવક કે જાવક થઈ નહોતી.

**ઋણસ્વીકાર :**

આપના નિયમકો તમામ સ્તરના કર્મચારીઓને તેઓએ દાખવેલ સમજદારી અને સહયોગ બદલ ઋણ સ્વીકાર કરે છે. તમામ કર્મચારીઓ, જેઓના શ્રેષ્ઠ વ્યાવસાયિક અભિગમ, પ્રતિબધ્ધતા અને પહેલવૃતિને કારણે સંસ્થાનો વિકાસ અને સફળતા શક્ય બની છે તથા સંસ્થા પ્રગતિ કરી રહી છે તે બદલ નિયામકો ઊંડી કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરે છે. નિયામકો ભારત સરકાર (વીજ મંત્રાલય સહિત), ગુજરાત સરકાર (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગુજરાત વીજ નિયમન પંચ, જેડા, નાંણાકીય સંસ્થાઓ, બેંકો, ગ્રાહકો, વિતરકો અને અન્ય વ્યાવસાયિક સહયોગીઓનો તેઓ તરફથી સાંપડેલ સતત સહયોગ, સહકાર અને સાથ બદલ આભારની લાગણી સહ નોંધ લે છે. આપના નિયામકો, ગ્રાહકો, વિક્રેતાઓ, બેંકો, ભારત સ્થિત નિયમન અને સરકારી સંસ્થાનો તથા તેઓના શેરધારકો તરફથી સાંપડેલ સહકાર અને મદદ બદલ પણ આભારી છે. કંપની કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા, આંતરિક, વૈધાનિક તથા કોસ્ટ ઓડિટરો અને પરામર્શકારો અને સલાહકારોનો તેઓનાં સૂચનો અને સહકાર બદલ પણ આભારી છે.

બોર્ડ ઓફ ડાયરેકટર્સ વતી

એન. શ્રીવાસ્તવ, આઈએફએસ
વહીવટી નિયમાક

પ્રો. અજય પાંડે
નિયામક

તારીખ : ૧૪ ડિસેમ્બર, ૨૦૧૨
સ્થળ : અમદાવાદ

## નિયામકોનો અહેવાલને સંલગ્ન પરિશિષ્ટ

**કંપની (બોર્ડના નિયામકોના અહેવાલમાં પ્રગટીકરણ) નિયમો, ૧૯૮૮ અંતર્ગત આવશ્યક વિગતો**

**અ. વીજ સંરક્ષણ :**

**અ) વીજ સંરક્ષણ અંગે લેવાયેલ પગલાં :**

- વધુ વીજ ખાધ કરતાં ફીડરોની જાણકારી મેળવવામાં આવી છે, તકનીકી ખાધ ઘટાડવા પેટા-વિભાગીય કચેરી સ્તર સુધી ઘનિષ્ટ નિયંત્રણ કરવામાં આવી રહ્યું છે તથા વધુ વીજ ખાધ ધરાવતા નબળા વિસ્તારોની જાણકારી મેળવવા પ્રણાલીઓ પરના સારા નિયમન માટે પ્રત્યાવર્તી ઊપકરણ કેન્દ્રો પર મીટરો પૂરા પાડવામાં આવ્યાં છે.
- વીજરેષાઓ તથા સરંજામની નિયમિત અને સમયાંતરે નિભાવ કામગીરી.
- વીજ બચત પગલાંની સમજૂતી તથા તેના કાર્યક્ષમ ઉપયોગ આપતાં ચોપાનિયાંની સાથે વીજ બીલો જનજાગૃતિ માટે વિતરીત કરવામાં આવી રહ્યાં છે. વીજ સંરક્ષણ બાબતે તમામ શ્રેણીના ગ્રાહકોની સહભાગિતા સાથે પરિસંવાદનું પણ વર્ષ દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું.
- શહેરી ઔદ્યોગિક તથા જ્યોતિગ્રામ ફીડરો પર તકનીકી ખાધમાં ઘટાડા માટે વિશિષ્ટ પ્રકારનાં ૧૨૬૧ પ્રત્યાવર્તી ઊપકરણો પૂરાં પાડવામાં આવ્યાં છે. વધુ પ્રત્યાવર્તી ઊપકરણો મેળવવાની પ્રક્રિયા ચાલી રહી છે.

**બ) વીજ વપરાશમાં ઘટાડા માટે જો કોઈ વધારાનું રોકાણ કે દરખાસ્ત હોય તો :**

શૂન્ય

- વીજ સંરક્ષણ બાબતે ગ્રાહકોમાં સામુદાયિક જાગૃતિ.

  અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળા દરમિયાન, વીજ સંરક્ષણ બાબતે વિશેષ માહિતી આપતા સ્ટૉલ્સ, સલામતી અંગેના માપદંડો અને લઘુ ટપક પધ્ધતિથી સિંચાઈની ઝૂંબેશ ચલાવવામાં આવી હતી. ચોપાનિયાંઓ, પોસ્ટર્સ, બેનર્સનું છાપકામ, વીજ સંરક્ષણ તથા સલામતી બાબતે એફએમ રેડિયો પર સંદેશાનું પ્રસારણ અને વીજ બચત સંદેશાઓ/સૂત્રો વગેરેનો સમાવેશ કરતા સંદેશાઓ સહિતની મુદ્રણ માધ્યમોમાં જાહેરાત પણ સમયાંતરે આપવામાં આવે છે.

**ક) ચાવીરૂપ પરિયોજના-સ્ત્રોત સાતત્યતા ધ્વારા ખેડૂતોની આવક વૃધ્ધિની સ્થિરતાની પધ્ધતિઓ :**

આ પરિયોજના ત્રણ તબક્કામાં, પ્રથમ તબક્કો, બીજો અને ત્રીજો તબક્કો એમ ત્રણ તબક્કાઓમાં સાડા ત્રણ વર્ષો (૨૦૦૮-એપ્રિલ, ૨૦૧૨) દરમિયાન વિસ્તરેલી છે.

પ્રથમ તબક્કો : આ તબક્કામાં કુકરવાડા પેટા-વિભાગીય કચેરી, વિજાપુર તાલુકો, જિ. મહેસાણા, ગુજરાતના પસંદ કરવામાં આવેલ અભ્યાસક્ષેત્ર માટે વીજ-પાણી-ખેતીનાં જોડાણ માટે મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

બીજા તબક્કામાં મહેસુલી ભારરહિત ઘટકના આધારે ગુજરાત સરકારના પરામર્શમાં વીજ-પાણી-બચત પ્રોત્સાહન યોજના બનાવવામાં આવી છે.

ક્ષેત્રીય સ્તરના અમલીકરણ સારું ૨૦૧૧માં યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકારોની શિખર પરિષદમાં યુજીવીસીએલ અને કોલંબિયા વોટર સેન્ટ્રલ ઈન્ડિયા (સીઆઈપીટી) વચ્ચે ૩ વર્ષના સમજૂતી કરાર કરવામાં આવ્યા છે.

ત્રીજો તબક્કો નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ માં અમલમાં મૂકવામાં આવેલ, જેમાં કુલ ૮૫ ગ્રાહકો (ખેડૂતો) એ ભાગ લીધો હતો તેમ જ કુલ ૧૧,૮૫,૬૪૦ વીજ એકમોની બચત થઈ હતી.

ડ) **ઉક્ત (અ), (બ) અને (ક) માં નિર્દિષ્ટ પગલાંઓની વીજ વપરાશમાં ઘટાડો તથા ઉત્પાદન ખર્ચમાં પછીથી નિપજતી અસર**

- કેડબલ્યુએચ તથા અધિકતમ માંગમાં બચત, વિતરણ અને વહનમાં ઘટાડો

**બ. પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ :**

ફોર્મ-બ મુજબ, પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ માટે પ્રયાસ કરવામાં આવ્યા છે.

## ફોર્મ-બ

**(પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ બાબતે વિગતોનું પ્રગટીકરણ)**

**૧. સંશોધન અને વિકાસ (આરએન્ડડી)**

**કંપની ધ્વારા કરવામાં આવેલ સંશોધન અને વિકાસના નિશ્ચિત વિસ્તારો :**

– એચટી ગ્રાહકોની એએમઆર એમડી રિ-સેટ તારીખને પ્રતિ મહિનાની ૨૧મી તારીખે ૦૦.૦૦ કલાક પર સ્થાયી કરવામાં આવી છે.

– અર્ધ સ્વયં-સંચાલિત મીટર ટેસ્ટ બેંચ પાલનપુર તથા કલોલ લેબોરેટરી કાતે કાર્યાન્વિત કરવામાં આવી છે.

– તમામ ચાર વર્તુળ કચેરીઓ માટે પ્રત્યાવર્તી ઊપકરણોની ખાધના માપન માટે વીજ વિશ્લેષકની ખરીદી કરવામાં આવી છે.

– તકનીકી અને વાણિજ્યિક ખાધ ઘટાડવા સારું ૫ કેવીએ ક્ષમતાના સીંગલ ફેઈઝ પ્રત્યાવર્તી ઊપકરણોનો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો છે.

**૨. ઉક્ત સંશોધન અને વિકાસના પરિણામ સ્વરૂપ મેળવેલા ફાયદાઓ :**

– કલોલ અને પાલનપુર ખાતે નવી મીટર ટેસ્ટ બેન્ચ પુરી પાડવા થકી, હવે મીટરની ચકાસણી ૦.૨ શ્રેણી ચોકસાઈ સાથે કરવી શક્ય બન્યું છે. આને કારણે પ્રવહન અને વિતરણ ખાધમાં ઘટાડો થશે અને કંપની સીઈએ નિયમનોની પરિપૂર્તિ કરી શકશે.

– પ્રવહન અને વિતરણ ખાધમાં પ્રત્યાવર્તી ઊપકરણોની વીજ ખાધ મહત્વનો ભાગ ભજવતી નથી. વીજ વિશ્લેષકની સહાયથી, ગુણવત્તાયુક્ત ખરીદી માટે ડીટીસીના કોઈ જ વીજ ખાધ નથી એવું માપન કરવું શક્ય બન્યું છે.

– ઈજારદારો ધ્વારા વીજવાહકો તથા કેબલના ઓછા પુરવઠામાં ખરીદી સામે ઘટ રોકવા માપન સરંજામ ખરીદવામાં આવ્યાં હતાં.

– **એલડીવી પર ૫ કેવીએ ક્ષમતાનાં સીંગલ ફેઈઝ પ્રત્યાવર્તી ઊપકરણો વડે એચવીડીના ફાયદાઓ**
  – શ્રેષ્ઠ મૂડી રોકાણે વીજરેષાની ખાધમાં ઘટાડો
  – વૉલ્ટેજ પતનમાં ઘટાડો
  – ડીટીસીની નિષ્ફળતામાં ઘડાટો

– વીજચોરીમાં પ્રતિરોધ

– વીજ પુરવઠાની વિશ્વસનિયતામાં સુધારણા

**૩. ભાવિ પગલાંની યોજના :**

– સીઈએ નિયમનોની પૂર્તિ માટે અને આઈસી-૧૭૦૨૫-૨૦૦૦ ઓળખપત્ર મેળવવા માટે ૦.૨ શ્રેણીની ચોકસાઈ માટે મહેસાણા પ્રયોગશાળાનું આધુનિકીકરણ.

– ઈરડાના સહયોગમાં આરએસઓ, નારોલ ખાતે સ્થળ પર ચકાસણીની સવલત.

**૪. સંશોધન અને વિકાસ પર ખર્ચ :**

શૂન્ય

**૨. પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ, અનુકુલન અને આધુનિકીકરણ**

**૧. પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ, અનુકુલન અને આધુનિકીકરણ માટે કરવામાં આવેલ પ્રયાસોની સંક્ષિપ્ત વિગત**

– તમામ એચટી ગ્રાહકોને પુર્નગઠિત એમડી રિસેટ તારીખ સહિત એએમઆર પ્રણાલીનો વિનિયોગ.

– વાણિજ્યિક ખાધના વિસ્તારો સુનિશ્ચિત કરવા વેબ આધારિત કૉમ્પ્યુટર સંચાલિત ગ્રાહક નિયંત્રણ કાર્યક્રમની રજૂઆત.

– વેબ આધારિત કૉમ્પ્યુટર સંચાલિત ફરિયાદ વ્યવસ્થાપન સવલત.

– કંપનીના ગ્રામ્ય વિસ્તારોમાં ૩૩૭૦ ગામડાંઓમાં ઈ-ગ્રામ યોજના અન્વયે બીલ એકત્રીકરણની કામગીરી સારું કોઈપણ સમયે ચુકવણી માટેના આઠ યંત્રોના સ્થાપનની કામગીરી પૂરી કરવામાં આવી છે.

**૨. ઉક્ત પ્રયાસોના કારણે મળેલા ફાયદાઓ :**

– મીટરીંગ, બીલીંગ પ્રક્રિયામાં સુધારણા અને ઓન-લાઈન નિયંત્રણ ધ્વારા વીજભાર મોજણી તથા માહિતીની સરળ ઉપલબ્ધિનાં સુધારાત્મક પગલાંઓ સુનિશ્ચિત કરવા થકી વહન અને વિતરણ ખાધમાં ઘટાડો.

– તકેદારી પ્રવૃત્તિઓ થકી સુધારાત્મક પગલાંઓ વડે વહન અને વિતરણ ખાધમાં ઘટાડો.

– ગ્રાહક સંબંધી તમામ સમસ્યાઓ માટે એક જ સ્થળ

– બીલ ચુકવણી માટે ગ્રાહકની સવલત વધારવી અને આમ ગ્રાહકના બાકી ચુકવણમાં ઘટાડો.

**૩. આયાતી પ્રૌદ્યોગિકી સંબંધી (નાણાંકીય વર્ષના આરંભથી ગણતરી કરી, છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન આયાત કરવામાં આવેલ), નીચેની વિગત આપવામાં આવે છેઃ લાગુ પડતું નથી.**

બોર્ડ ઓફ ડાયરેકટર્સ વતી

| | | |
|---|---|---|
| દિનાંક : ૧૪ ડિસેમ્બર, ૨૦૧૨ | એન. શ્રીવાસ્તવ, આઈએફએસ | પ્રો. અજય પાંડે |
| સ્થળ : અમદાવાદ. | વહીવટી નિયામક | નિયામક |

**કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયાનો તા. ૧૦ મી ડિસેમ્બર, ૨૦૧૨ ના રોજનો પત્ર ક્રમાંક ઈએસ-૧ (એચજીઆરએસ-૨)/એ/સીએસ/યુજીવીસીએલ/૨૦૧૧-૧૨/૬૫૮**

**ઉત્તર ગુજરાત વીજ કંપનીના તા. ૩૧ મી માર્ચ ૨૦૧૨ના રોજ પૂરા થતા વર્ષ માટેના હિસાબો પર કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૬૧૯ (૪) અન્વયે કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયાની ટિપ્પણીઓ :**

---

કંપનીધારા, ૧૯૫૬ હેઠળ મુકરર કરવામાં આવેલ નાણાંકીય અહેવાલ માળખાને સુસંગત, ઉત્તર ગુજરાત વીજ કંપનીના તા. ૩૧ મી માર્ચ ૨૦૧૨ ના રોજ પૂરા થતા વર્ષ માટેના નાણાંકીય પત્રકો તૈયાર કરવાની જવાબદારી કંપનીના સંચાલકોની છે. કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૬૧૯ (૨) હેઠળ કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા ધ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકૃત ઓડિટરો, તેઓની વ્યાવસાયિક સંસ્થા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા ધ્વારા મુકરર કરવામાં આવેલ હિસાબ ચકાસણી તથા બાહેંધરી ધારાધોરણોને સુસંગત સ્વતંત્ર હિસાબી ચકાસણીના આધારે, કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૨૭ હેઠળ આ નાણાંકીય પત્રકો પર તેઓના અભિપ્રાયો આપવા માટે જવાબદાર છે. ઓડિટરો ધ્વારા તેઓના તા. ૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૧૨ના હિસાબ ચકાસણી અહેવાલમાં આ કામગીરી કરી હોવાનું જણાવવામાં આવેલ છે.

કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા વતી, ઉત્તર ગુજરાત વીજ લિમિટેડના તા. ૩૧ મી માર્ચ, ૨૦૧૨ ના રોજ પૂરા થતા વર્ષ માટેના નાણાંકીય પત્રકો, કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૬૧૯ (૩) (બ) હેઠળ, મેં હિસાબોની પુરક ચકાસણી હાથ ધરી છે. આ વધારાની ચકાસણી, અધિકૃત ઓડિટર ધ્વારા તૈયાર કરવામાં આવેલ દસ્તાવેજી કાગળોના અભ્યાસ સિવાય, સ્વતંત્રપણે કરવામાં આવી છે અને પ્રાથમિક રીતે અધિકૃત ઓડિટર તથા કંપનીના કર્મચારીઓની તપાસણી અને કેટલીક પસંદ કરવામાં આવેલ હિસાબી નોંધવહીઓની તપાસ પૂરતી સીમિત છે. મારી ચકાસણીના આધારે, હું કંપનીધારા, ૧૯૫૬ ની કલમ -૬૧૯ (૪) હેઠળ નીચેની બાબતો પર ધ્યાન દોરવા માગું છું, જે બાબતો મારા ધ્યાનમાં આવી છે અને જે મારી દૃષ્ટિએ નાણાંકીય પત્રકો તેમ જ સંલગ્ન ઓડિટના અહેવાલોની સારી સમજ મેળવવા જરૂરી છે.

**લાભકારતા પર ટિપ્પણીઓ**

**ચાલુ વર્ષ માટે કર બાદનો નફો/(નુકસાન) : રૂા. ૧૨.૪૫ કરોડ**

મહત્વની હિસાબી નીતિઓ (પી) અને ''વિલંબિત મહેસુલી ખર્ચ'' સંબંધી વીજ કાર્યસાધક પમ્પસેટની યોજના ઉપરની નોંધ ક્રમાંક-૯ પરત્વે ધ્યાન દોરવામાં આવે છે. પમ્પસેટની કિંમતના કંપની ધ્વારા ભોગવવામાં આવેલ ૧/૩ ભાગના ખર્ચની ગણતરી વિલંબિત મહેસુલી ખર્ચ (ડીઆરઈ) તરીકે કરવામાં આવી છે અને આ ખર્ચની ઋણ ચુકવણી ૨૦૦૮-૦૯ થી લઈને પાંચ વર્ષોના સમયગાળા દરમિયાન કરવામાં આવી હતી. ચાલુ વર્ષમાં, વર્ષના આરંભે કંપનીએ સાધારણ પુરાંત સામે ₹ ૨૦.૯૪ કરોડની શેષ બાકી રકમ માંડવાળ કરી છે તેમ જ ચાલુ વર્ષના નફા-નુકસાન ખાતે ₹ ૪.૪૭ કરોડ રકમ ઉધારેલ છે. આ હિસાબી વ્યવહાર સાચો નથી અને ₹ ૨૫.૪૩ કરોડની સમગ્ર રકમની ચાલુ વર્ષના નફા-નુકસાન ખાતે ખરવણી કરવી જોઈતી હતી કારણ સુધારેલ પરિશિષ્ટ-૬ વિલંબિત મહેસુલી ખર્ચ માટેની જોગવાઈનો નિર્દેશ કરતું નથી તથા હિસાબી નીતિમાં ફેરફાર હતો. આમ કરવામાં રહેલ ક્ષતિના કારણે ₹ ૨૦.૯૬ કરોડના વધુ નફાનો નિર્દેશ કરવામાં આવ્યો છે અને આ નફો ₹ ૮.૫૧ કરોડની ખોટમાં પરિણમશે. આ રકમ અનામત અને પુરાંતના શીર્ષક હેઠળ નફા-નુકસાન ખાતે ઉધાર બાકી તરીકે દર્શાવવી જોઈતી હતી.

**ધી કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા વતી**

**દિનાંક : ૧૪ ડિસેમ્બર, ૨૦૧૨** — **સહી**

**સ્થળ : અમદાવાદ.** — **એકાઉન્ટન્ટસ જનરલ (ઈ એન્ડ આરએસએ), ગુજરાત**

## "વહીવટી નિયામકોના અહેવાલની પુરવણી"

**કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયાનો તા. ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૨ ના રોજનો પત્ર ક્રમાંક ઈએસ-૧ (એચજીઆરએસ-૨)/એ/સીએસ/યુજીવીસીએલ/૨૦૧૧-૧૨/૬૫૮ પર બોર્ડનો પ્રત્યુતર**

હિસાબોના વાર્ષિક પત્રકની રજૂઆત માટે ફરજિયાત એવા સુધારેલ પરિશિષ્ટ-૬ ની રજૂઆત સાથે, વિલંબિત મહેસુલી ખર્ચનો ખ્યાલ વાસ્તવિક રહ્યો નથી. અગાઉનાં વર્ષોમાં, કંપની વીજ કાર્યસાધક પમ્પ માટે ફાળવેલ રકમની ગણતરી વિલંબિત મહેસુલી ખર્ચ તરીકે કરીને, નાણાંકીય નીતિ મુજબ, નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ સુધીના સમયગાળા લગી દર વર્ષે ઉક્ત રકમના ૧/૫ ભાગની રકમ માંડવાળ કરતી હતી. આમ, અગાઉના વર્ષનો નફો વર્ષો દરમિયાન વિલંબિત થયેલ મહેસુલી ખર્ચની મર્યાદામાં વધુ હતો અને પરિણામે તે મર્યાદા સુધી અનામત અને પુરાંત પણ વધુ હતાં. ૧ લી એપ્રિલ, ૨૦૧૧ ના રોજ ₹ ૨૦.૯૪ કરોડનો વિલંબિત મહેસુલી ખર્ચની ઉઘડતી સિલકનો નિર્દેશ અનામત અને પુરાંતની વધુ રકમમાં વિલંબિત ખર્ચ તરીકે તેમ જ તે મર્યાદામાં સંબંધિત વર્ષોમાં નફાની ઓછી રકમ તરીકે નિર્દેશ થવાને કારણે કંપનીએ અનામત અને પુરાંત ખાતે વિલંબિત મહેસુલી ખર્ચની રકમની તેમ જ ચાલુ વર્ષના ₹ ૪.૪૭ કરોડના ખર્ચની નફા-નુકસાન ખાતે યોગ્ય રીતે ખતવણી કરી છે. કંપનીના અભિપ્રાય મુજબ, ઉક્ત હિસાબી પધ્ધતિ અપનાવવામાં કોઈ જ અયોગ્યતા નથી અને આ બાબત સાચી રીતે કરવામાં આવી છે. પરિણામ સ્વરૂપ ૨૦૧૧-૧૨ માટે નફો ₹ ૨૦.૯૪ કરોડ વધુ દર્શાવેલ નથી. તદ્‌ઉપરાંત, જો કંપનીએ કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા ધ્વારા ઊભા કરવામાં આવેલ વિવાદનો સ્વીકાર કર્યો હોત તો પણ તેના કારણે કંપનીની સ્થિતિ પર કોઈ અસર થઈ હોત નહિ.

બોર્ડ ઓફ ડાયરેકટર્સ વતી

એન. શ્રીવાસ્તવ, આઈએફએસ
વહીવટી નિયામક

પ્રો. અજય પાંડે
નિયામક

તારીખ : ૧૪ ડિસેમ્બર, ૨૦૧૨
સ્થળ : અમદાવાદ

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના સભાસદો જોગ ઓડિટરનો અહેવાલ

૧. તા. ૩૧મી માર્ચ, ૨૦૧૨ ના રોજનું **ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણાનું** આ સાથે સામેલ સરવૈયું, નફા-નુકસાન ખાતું અને રોકડ પ્રવાહ પત્રકનું તે તારીખે પૂરા થયેલા વર્ષ માટે અમે ઓડીટ કર્યું છે, જે આ સાથે સામેલ કરેલા છે. આ નાણાંકીય પત્રકો કંપનીના વ્યવસ્થાપકોની જવાબદારી છે. અમારી જવાબદારી અમારા ઓડિટના આધારે આ નાણાંકીય પત્રકો વિષે અભિપ્રાય આપવાની છે.

૨. ભારતમાં સામાન્ય રીતે સ્વીકૃત ધારાધોરણો પ્રમાણે અમે અમારું ઓડિટ કર્યું છે. આ ધારાધોરણોની આવશ્યકતા મુજબ, અમે નાણાંકીય પત્રકો ખોટી રજૂઆતથી મુક્ત છે કે કેમ તેની વ્યાજબી ખાત્રી કરવા માટે ઓડિટનું આયોજન અને એ અંગેની કામગીરી કરીએ એ જરૂરી છે. ઓડિટમાં નાણાંકીય નિવેદનમાંની માહિતી અને રકમ સંબંધિત પુરાવાઓને ચકાસણીના ધોરણે તપાસવાનો સમાવેશ થાય છે. ઓડિટમાં હિસાબી સિદ્ધાંતોના ઉપયોગ અને વ્યવસ્થાપકોએ કરેલ મહત્વના અંદાજો તેમ જ નાણાંકીય પત્રકોની સમગ્રતયા રજૂઆતનું મૂલ્યાંકન કરવાનો પણ સમાવેશ થાય છે. અમારું માનવું છે કે અમારું ઓડીટ અમારા અભિપ્રાય માટે વ્યાજબી આધાર પૂરો પાડે છે.

૩. કંપનીનું નિયમન વીજ અધિનિયમ, ૨૦૦૩ ની જોગવાઈઓ અને તે અંતર્ગત જારી કરવામાં આવેલ નિયમોને વંચાણે લેતાં કરવામાં આવે છે. કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૬૧૬(સી) માં એવી જોગવાઈ છે કે જ્યાં વિશેષ અધિનિયમો જેવા કે વીજ અધિનિયમની જોગવાઈઓ સાથે કંપની ધારાની જોગવાઈઓ સાથે સુંસગત ના હોય તેટલી માત્રામાં વીજ અધિનિયમની જોગવાઈઓ લાગુ કરવામાં આવશે. આમ, કંપનીના વર્ષ ૨૦૧૧-૧૨ માટેનાં નાણાંકીય પત્રકોની પૂર્તતા કરવામાં આવી છે અને તેઓને રજૂ કરવામાં આવ્યાં છે.

૪. કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૨૨૭ ની પેટા (કલમ-૪ અ) ના સંદર્ભે કેન્દ્ર સરકાર ધ્વારા જારી કરવામાં આવેલ કંપનીના (ઓડિટરના અહેવાલ) આદેશ, ૨૦૦૩ કંપનીના (ઓડિટરના અહેવાલ) (સુધારા), ૨૦૦૪ ધ્વારા કરવામાં આવેલ સુધારા મુજબ અમે આ આદેશના પરિચ્છેદ-૪ અને ૫ માં નિર્દિષ્ટ બાબતો અંગેનું નિવેદન પરિશિષ્ટ સાથે જોડીએ છીએ.

૫. ઉપરોક્ત પરિચ્છેદ-૪ માં નિર્દિષ્ટ પરિશિષ્ટમાં કરવામાં આવેલ ટિપ્પણી ઉપરાંત, એવો અહેવાલ આપીએ છીએ કે;

અ) અમોએ તમામ પ્રકારની માહિતી તથા ખુલાસાઓ મેળવ્યા છે, જે અમારી શ્રેષ્ઠ જાણકારી તથા માન્યતા મુજબ અમારા ઓડિટના હેતુસર જરૂરી હતા.

બ) અમારા અભિપ્રાયમાં, અમોએ હિસાબી ચોપડાઓની કરેલ ચકાસણી પરથી જણાય છે કે કંપનીએ કાયદાને આધીન યોગ્ય એવા હિસાબી ચોપડાઓની જાળવણી કરી છે.

ક) આ અહેવાલ સાથે સંલગ્ન સરવૈયું અને નફા-નુકસાન ખાતું અને રોકડ પ્રવાહ પત્રક કંપનીના હિસાબી ચોપડાઓ સાથે સુસંગત છે.

ડ) અમારી અભિપ્રાય મુજબ, પાકું સરવૈયું, નફા-નુકસાન ખાતું તથા રોકડ પ્રવાહ પત્રક કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૧૧ ની પેટા કલમ-(૩સી) માં નિર્દિષ્ટ હિસાબી ધારધોરણો સાથે સુંસંગત છે.

હ) કંપનીધારા ૧૯૫૬ ની કલમ-૬૧૭ અંતર્ગત કંપની સરકારી કંપની હોઈ, કેન્દ્ર સરકાર તા. ૨૧મી ઓક્ટોબર, ૨૦૦૩ ના જાહેરનામા ક્રમાંક જીએસઆર ૮૨૯ (ઈ) ના અનુસંધાને, કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૭૪ ની પેટા કલમ-(૧) ની કલમ - (જી) માં સમાવિષ્ટ જોગવાઈઓ સરકારી કંપનીને લાગુ પડતી નથી.

૬. અમારા અભિપ્રાય અને અમારી શ્રેષ્ઠ જાણકારી તથા અમોને આપવામાં આવેલ ખુલાસાઓ મુજબ સદર હિસાબો કંપનીધારા, ૧૯૫૬ અંતર્ગત આવશ્યક પ્રકારે જરૂરી માહિતી પૂરી પાડે છે અને ભારતમાં સાધારણ રીતે સ્વીકૃત હિસાબી સિધ્ધાંતોને સુસંગત, સાચો અને વાજબી અભિપ્રાય આપે છે.

અ. પાકા સરવૈયા અંગે, તા. ૩૧ મી માર્ચ, ૨૦૧૨ના રોજ, કંપનીના કામકાજની પરિસ્થિતિ બાબતે.

બ. નફા-નુકસાન ખાતા અંગે, કંપનીના તે તારીખે પૂરા થયેલ વર્ષના નફા બાબતે; અને

ક. રોકડ પ્રવાહ પત્રક અંગે, તે તારીખે પૂરા થયેલ વર્ષ માટે રોકડના પ્રવાહ બાબતે.

**અશ્વિન કે. યાજ્ઞિક એન્ડ કંપની વતી,**
**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ**
**એફ.આર. ક્રમાંક : ૧૦૦૭૧૦ ડબલ્યુ**

**સ્થળ : મહેસાણા**
**તા. ૨૫/૦૯/૨૦૧૨**

**(જપન એ. યાજ્ઞિક)**
**ભાગીદાર**
**સભ્ય ક્રમાંક : ૧૧૭૯૫૨**

## ઓડિટર અહેવાલનું બીડાણ

(તા. ૩૧ મી માર્ચ, ૨૦૧૨ ના રોજ પૂરા થતાં વર્ષના **ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા** ના હિસાબો પરના અમારા અહેવાલના પરિચ્છેદ-૪ માં જણાવ્યાનુસાર)

૧. (અ) કંપનીએ સ્થાયી અસ્કયામતોની સ્થિતિ તેમ જ જથ્થાકીય વિગતો સહિતની સંપૂર્ણ વિગતોનો નિર્દેશ કરતી યોગ્ય નોંધવહી જાળવી છે.

(બ) વર્ષ દરમિયાન, કંપનીના સંચાલકો ધ્વારા તમામ અસ્કયામતોની ભૌતિક ચકાસણીના નિયમિત કાર્યક્રમને સુસંગત હાથ ધરવામાં આવી હતી, જે અમારા અભિપ્રાય અનુસાર, વાજબી સમયાંતરે તમામ સ્થાયી અસ્કયામતોની ભૌતિક ચકાસણી માટેની જોગવાઈ પૂરી પાડે છે. અમોને આપવામાં આવેલી માહિતી તથા ખુલાસા અનુસાર, આ પ્રકારની ચકાસણી હાથ ધરતાં કોઈ જ મહત્વની ક્ષતિઓ જોવા મળેલ નહોતી.

(ક) વર્ષ દરમિયાન કંપનીની સ્થાયી અસ્કયામતોના નોંધપાત્ર હિસ્સાનો નિકાલ કરવામાં આવ્યો નહોતો અને કંપનીની ચાલુ એકમ તરીકેની સ્થિતિને અસર પહોંચી નથી.

૨. (અ) અમોને આપવામાં આવેલ સમજૂતી અનુસાર, વાજબી સમયાંતરે વ્યવસ્થાપકો ધ્વારા સામગ્રીની ભૌતિક ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

(બ) અમારા અભિપ્રાય તથા અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસા મુજબ, સંચાલકો ધ્વારા માલસામગ્રીના જથ્થાની ભૌતિક ચકાસણી અંગેની કંપની ધ્વારા અનુસરવામાં આવતી પ્રક્રિયા, કંપનીના કદ અને તેના ધંધાના પ્રકારના સંબંધમાં વ્યાજબી તેમ જ પર્યાપ્ત છે.

(ક) અમારા અભિપ્રાય તથા માલસામગ્રી સંદર્ભે રાખવામાં આવેલ નોંધવહીઓની ચકાસણીના આધારે, કંપની માલસામગ્રી અંગેની યોગ્ય નોંધ રાખે છે.

૩. (અ) કંપનીએ કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૩૦૧ હેઠળ જાળવવામાં આવતા પત્રકમાં સમાવિષ્ટ કંપનીઓ, પેઢીઓ અથવા અન્ય કોઈ પક્ષકારોને સુરક્ષિત અથવા અસુરક્ષિત એવું કોઈ જ ધિરાણ મંજૂર કરેલ નથી. આમ, અહેવાલની કલમો - (૩) (બ), (૩) (ક) અને (૩) (ડ) લાગુ પડતી નથી.

(બ) અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસા અનુસાર, કંપનીએ કંપનીધારા ૧૯૫૬ની કલમ-૩૦૧ અંતર્ગત રાખવામાં આવતા પત્રકોમાં નોંધવામાં આવેલ કંપનીઓ, પેઢીઓ અથવા અન્ય પક્ષકારો પાસેથી સુરક્ષિત કે અસુરક્ષિત એમ કોઈ જ ધિરાણ મેળવેલ નથી. તદ્નુસાર, અહેવાલની કલમો (૩) (ઈ), (૩) (એફ) અને (૩) (જી) લાગુ પડતી નથી.

૪. અમારા અભિપ્રાય તથા અમને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસા અનુસાર; માલસામગ્રીની ખરીદી અને સ્થાયી અસ્કયામતો, તેમ જ સામગ્રીના વેચાણ અને સેવાઓ સંદર્ભે, કંપનીના કદ તથા તેના વેપારને અનુરૂપ કંપની પર્યાપ્ત આંતરિક નિયંત્રણ પ્રણાલી ધરાવે છે. અમારા ઓડિટરની અવધિ દરમિયાન, અમોને આંતરિક નિયંત્રણો પ્રણાલીમાં કોઈ મહત્વની ખામીઓ જોવા મળેલ નથી.

૫. (અ) સંચાલકો ધ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી તથા ખુલાસા અનુસાર, કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૩૦૧ અંતર્ગત રાખવામાં આવતી નોંધપોથીમાં ઉલ્લેખ કરવો જરૂરી હોય એવો કોઈ જ કરાર અથવા યોજનાઓ નથી.

(બ) ઉપરોક્ત બાબતના અનુસંધાને અહેવાલની કલમો - (૫) (અ) તેમ જ (૫) (બ) લાગુ પડતી નથી.

૬. અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસા અનુસાર, કંપનીએ જાહેર જનતા પાસેથી કલમો-૫૮ એ, ૫૮-એએ અંતર્ગત અથવા ધારાની અન્ય સુસંગત જોગવાઈઓ હેઠળ કોઈ જ થાપણો સ્વીકારેલ નથી.

૭. કંપનીના આંતરિક હિસાબો ચકાસવાની કામગીરી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની વ્યવસાયિક પેઢીને સોંપવામાં આવી છે. આ પ્રણાલી કંપનીના કદ તથા ધંધાકીય પ્રકાર સાથે સુસંગત છે.

૮. કેન્દ્ર સરકારે કંપનીધારાની કલમ-૨૦૯ (૧) ની પેટા કલમ- (ડી) અંતર્ગત ખર્ચ અંગેની નોંધવહીઓ જાળવવાનું મુકરર કર્યું છે અને અમોને સમજૂતી આપ્યા મુજબ, કંપનીએ આ બાબતની પૂર્તતા કરેલ છે, જો કે, અમોએ ઉક્ત બાબતની વિસ્તૃત ચકાસણી કરેલ નથી.

૯. (અ) અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસા મુજબ, કંપની પ્રોવિડન્ટ ફંડ, રોકાણકાર, શૈક્ષણિક અને સુરક્ષા ભંડોળ, કર્મચારી રાજ્ય વીમો, આવકવેરો, વેચાણવેરો, સંપતિવેરો, સેવાકીય વેરો, જકાત, આબકારી જકાત, સેસ સહિતના બિન-તકરારી વૈધાનિક ચુકવણાઓ તથા અન્ય વૈધાનિક ચુકવણાઓ યોગ્ય સત્તાધીશો પાસે જમા કરાવવામાં નિયમિત છે.

(બ) અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસા મુજબ તથા કંપનીના નોંધપત્રકોના આધારે, ૩૧ મી માર્ચ ૨૦૧૨ ના રોજ આવકવેરો, વેચાણવેરો, સંપતિવેરો, સેવાકીય વેરો, જકાત, આબકારી જકાત, સેસના સંદર્ભે કોઈ જ તકરારી ચુકવણાઓ બાકી નથી.

૧૦. ૩૧ મી માર્ચ, ૨૦૧૨ ના રોજ કંપનીની કોઈ એકત્રિત ખોટ નથી. અમારી હિસાબી તપાસણીમાં સમાવિષ્ટ નાણાંકીય વર્ષમાં અને તે અગાઉના તુરતના નાણાંકીય વર્ષમાં કંપનીએ કોઈ રોકડ ખોટ કરેલ નથી.

૧૧. અમોએ પુરી પાડવામાં આવેલ માહિતી તથા ખુલાસાના આધારે, નાણાંકીય સંસ્થાઓ, બેંકો અથવા બૉન્ડ ધારકોને માંગણાંની મહદ્ અંશની ચુકવણીઓ કંપની વતી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (જીયુવીએનએલ) ધ્વારા કરવામાં આવેલ છે. કંપનીએ નાણાંકીય સંસ્થાઓ અથવા બેંકો અથવા બૉન્ડ ધારકોને રકમની ચુકવણીઓ કરવામાં કોઈ કસુર કરેલ નથી.

૧૨. અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસાઓ મુજબ કંપનીએ શેર, ડિબેન્ચર્સ અને અન્ય જામીનગીરીઓના સ્વરૂપે તારણ પર કોઈપણ ધિરાણો અથવા પેશગીઓ મંજૂર કરેલ નથી.

૧૩. અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસાઓ મુજબ, કંપની કોઈ ચીટ ફંડ અથવા નિધિ/મ્યુચ્યુઅલ બેનીફીટ ફંડ/સોસાયટી નથી. તેથી, કંપનીને કલમ - (૧૩) ની જોગવાઈઓ લાગુ પડતી નથી.

૧૪. અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસાઓ મુજબ, કંપની શેર, જામીનગીરીઓ, ડિબેન્ચર તથા અન્ય રોકાણોની લે-વેચમાં સંકળાયેલ નથી. આમ, કંપનીને કલમ-(૧૪) ની જોગવાઈઓ લાગુ પડતી નથી.

૧૫. અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસાઓ મુજબ, વર્ષ દરમિયાન અન્યો ધ્વારા બેંક અને નાણાંકીય સંસ્થાઓ પાસેથી મેળવવામાં આવેલ ધિરાણો માટે કંપનીએ કોઈ જ જામીગીરી આપેલ નથી.

૧૬. મુદતી ધિરાણોનો ઉપયોગ તેઓને જે હેતુસર મેળવવામાં આવેલાં તે હેતુસર કરવામાં આવ્યો હતો.

૧૭. કંપનીના પાકા સરવૈયાની સમગ્રતયા તપાસણીના આધારે, અમારા અભિપ્રાય તથા અમોને આપવામાં આવેલી માહિતી તથા ખુલાસાઓ મુજબ, અમો એવો અહેવાલ આપીએ છીએ કે કંપનીએ ટૂંકાગાળા માટે મેળવેલાં ભંડોળોનો ઉપયોગ લાંબાગાળાના રોકાણો માટે કરેલ નથી.

૧૮. કંપનીએ, કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૩૦૧ અંતર્ગત રાખવામાં આવેલ નોંધપત્રકમાં સમાવિષ્ટ કોઈ જ પક્ષકારો અને કંપનીઓને પસંદગીના શેરની ફાળવણી કરી નથી. આમ, કંપનીને કલમ-૧૮ ની જોગવાઈઓ લાગુ પડતી નથી.

૧૯. કંપનીએ હિસાબી તપાસણીના વર્ષ દરમિયાન કોઈ જ ડિબેન્ચર્સ જારી કર્યા નથી. આમ, કંપનીને કલમ-૧૯ ની જોગવાઈઓ લાગુ પડતી નથી.

૨૦. કંપનીએ હિસાબી તપાસણીના વર્ષ દરમિયાન જાહેર ભરણા ધ્વારા કોઈ જ નાણાં ઊભાં કર્યા નથી. આમ, કંપનીને કલમ-૨૦ ની જોગવાઈઓ લાગુ પડતી નથી.

૨૧. અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસાઓ મુજબ, હિસાબી તપાસણીના વર્ષ દરમિયાન કંપની ઉપર અથવા કંપની ધ્વારા કોઈ જ ગેરરીતી આચરવામાં આવી હોય તેમ જણાતું નથી.

**અશ્વિન કે. યાજ્ઞિક એન્ડ કંપની વતી,**
**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ**
**એફ.આર. ક્રમાંક : ૧૦૦૭૧૦ ડબલ્યુ**

**સ્થળ : મહેસાણા**
**તા. ૨૫/૦૯/૨૦૧૨**

**(જપન એ. યાજ્ઞિક)**
**ભાગીદાર**
**સભ્ય ક્રમાંક : ૧૧૭૯૫૨**

## માર્ચ ૩૧, ૨૦૧૨ ના રોજનું પાકું સરવૈયું

(₹ લાખ માં)

| વિગત | નોંધ ક્રમાંક | માર્ચ ૩૧, ૨૦૧૨ ના રોજ | માર્ચ ૩૧, ૨૦૧૧ ના રોજ |
|---|---|---|---|
| **ભંડોળનું સ્રોત** | | | |
| (૧) **શેરહોલ્ડરનું ભંડોળ** | | | |
| (અ) શેરમૂડી | ૨ | ૨૩૭૧૪.૮૭ | ૨૩૭૧૪.૮૭ |
| (બ) અનામત અને વધારો | ૩ | ૩૬૮૦૪.૧૦ | ૩૭૬૫૫.૫૧ |
| (ક) સ્થગિત કરવામાં આવેલ સરકારી અનુદાન, આર્થિક સહાય તથા ફાળો | ૪ | ૬૦૧૦૧.૨૮ | ૫૨૦૬૨.૧૯ |
| **પેટા-સરવાળો (૧)** | | **૧૨૦૬૨૦.૨૫** | **૧૧૩૪૩૨.૫૭** |
| (૨) **બિન-વર્તમાન જવાબદારીઓ** | | | |
| (અ) લાંબાગાળાના ધિરાણો | ૫ | ૨૨૮૨૧.૭૮ | ૨૯૨૭૪.૮૧ |
| (બ) અન્ય લાંબાગાળાની જવાબદારીઓ | ૬ | ૬૯૬૬૩.૬૨ | ૬૬૪૫૭.૮૨ |
| (ક) લાંબાગાળાની જોગવાઈઓ | ૭ | ૧૬૪૭૮.૪૬ | ૧૫૭૭૭.૩૫ |
| **પેટા-સરવાળો (૨)** | | **૧૦૮૯૬૩.૮૬** | **૧૧૧૫૦૯.૯૮** |
| (૩) **ચાલુ જવાબદારીઓ** | | | |
| (અ) ટૂંકાગાળાનાં ધિરાણ | ૮ | ૫૪૯.૯૪ | ૦.૦૦ |
| (બ) ચુકવવાપાત્ર વ્યવહારો | ૯ | ૩૮૬૨૨.૪૪ | ૧૫૬૧૯.૬૭ |
| (ક) અન્ય ચાલુ જવાબદારીઓ | ૧૦ | ૬૬૮૦૪.૬૬ | ૫૨૨૩૧.૩૬ |
| (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | ૧૧ | ૦.૯૬ | ૩.૧૧ |
| **પેટા-સરવાળો (૩)** | | **૧૦૫૯૭૮.૦૦** | **૬૭૮૫૪.૧૪** |
| **કુલ** | | **૩૩૫૫૬૨.૧૦** | **૨૯૨૭૯૬.૬૯** |
| **મિલકતો :** | | | |
| (૧) **બિન-વર્તમાન અસ્કયામતો** | | | |
| (અ) સ્થાયી અસ્કયામતો : | | | |
| વાસ્તવિક | ૧૨ | ૨૦૮૬૬૫.૨૧ | ૧૯૩૯૮૯.૯૪ |
| પ્રગતિમાં હોય તેવાં મૂડીગત કાર્યો | ૧૨ | ૨૭૬૩.૮૭ | ૧૨૬૭.૩૦ |
| (બ) વિલંબિત કર અસ્કયામતો (ચોખ્ખી) | | ૦.૦૦ | ૦.૦૦ |
| (ક) લાંબાગાળાનાં ધિરાણો અને પેશગીઓ | ૧૩ | ૮૯૧.૮૬ | ૯૫૪.૮૨ |
| (ડ) અન્ય બિન-વર્તમાન અસ્કયાતમો | ૧૪ | ૭૨૬૩.૨૧ | ૭૪૩૩.૦૪ |
| **પેટા-સરવાળો (૧)** | | **૨૧૯૫૮૪.૧૫** | **૨૦૩૬૪૫.૧૦** |
| (૨) **ચાલુ અસ્કયામતો** | | | |
| (અ) સામગ્રી | ૧૫ | ૨૨૧૨૬.૩૦ | ૧૮૬૧૭.૦૫ |
| (બ) મળવાપાત્ર વ્યવહારો | ૧૬ | ૨૧૫૫૬.૦૩ | ૨૦૨૪૩.૫૭ |
| (ક) રોકડ અને બેંક સિલકો | ૧૭ | ૧૩૧૮૭.૩૨ | ૭૨૬૩.૯૯ |
| (ડ) ટૂંકાગાળાનાં ધિરાણો અને પેશગીઓ | ૧૮ | ૨૫૦૨.૪૨ | ૨૬૧૦.૪૫ |
| (હ) અન્ય ચાલુ અસ્કયામતો | ૧૯ | ૫૬૬૦૫.૮૮ | ૪૦૪૧૬.૫૩ |
| **પેટા-સરવાળો (૨)** | | **૧૧૫૯૭૭.૯૫** | **૮૯૧૫૧.૫૯** |
| **કુલ** | | **૩૩૫૫૬૨.૧૦** | **૨૯૨૭૯૬.૬૯** |
| **મહત્વની હિસાબી નીતિઓ** | ૧ | | |
| **હિસાબો ઉપરની નોંધ** | ૨ થી ૪૧ | | |

ઉક્ત તારીખના અમારા બિડાણ કરેલ અહેવાલ મુજબ,
**અશ્વિન કે. યાજ્ઞિક એન્ડ કંપની વતી**
**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,**
**એફ.આર ક્રમાંક : ૧૦૦૭૧૦ ડબલ્યુ.**

(જપન યાજ્ઞિક)
ભાગીદાર
સભ્યપદ ક્રમાંક : ૧૧૭૯૫૨

સ્થળ : અમદાવાદ
દિનાંક : ૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૧૨

બોર્ડ ઓફ ડાયરેકટર્સ વતી, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

વી. એન. માયરા, આઈએએસ
અધ્યક્ષ

એન. શ્રીવાસ્તવ, આઈએફએસ
વહીવટી નિયામક

આર. બી. કોઠારી, એસીએમએ
જનરલ મેનેજર (નાણાં)

એન. એમ. જોષી, એફસીએસ
કંપની સચિવ

સ્થળ : અમદાવાદ
દિનાંક : ૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૧૨

# માર્ચ ૩૧, ૨૦૧૨ ના રોજ પુરા થતા વર્ષનું નફા-નુકસાન ખાતું

(₹ લાખ માં)

| વિગત | નોંધ ક્રમાંક | માર્ચ ૩૧, ૨૦૧૨ ના રોજ | માર્ચ ૩૧, ૨૦૧૧ ના રોજ |
|---|---|---|---|
| **આવક** | | | |
| કાર્ય-સંચાલનમાંથી આવક | ૨૦ | ૬૪૦૮૨૦.૨૮ | ૫૪૫૩૬૫.૮૫ |
| અન્ય આવક | ૨૧ | ૮૦૨૧.૪૩ | ૬૭૭૩.૬૪ |
| કુલ આવક (૧) | | **૬૪૮૮૪૧.૭૧** | **૫૫૨૧૩૯.૪૯** |
| **ખર્ચ** | | | |
| વીજ ખરીદી | ૨૨ | ૫૮૯૨૭૮.૨૮ | ૪૯૪૭૮૪.૬૨ |
| કર્મચારી કલ્યાણ વિષયક ખર્ચ | ૨૩ | ૨૮૮૦૩.૪૭ | ૨૭૯૮૦.૩૬ |
| નાણાંકીય ખર્ચ | ૨૪ | ૯૦૮૦.૨૮ | ૧૦૧૩૯.૬૪ |
| ઘસારો તથા ઋણ અંગેનો ખર્ચ | ૨૫ | ૧૩૩૪૮.૧૮ | ૧૨૨૨૮.૮૬ |
| અન્ય ખર્ચ | ૨૬ | ૭૧૭૬.૫૫ | ૫૪૧૨.૬૫ |
| કુલ ખર્ચ (૨) | | **૬૪૭૬૮૬.૭૬** | **૫૫૦૫૪૬.૧૩** |
| **અપવાદરૂપ અને અસાધારણ બાબતો તથા કર અગાઉનો નફો** | (૧)-(૨) | **૧૧૫૪.૯૫** | **૧૫૯૩.૩૬** |
| અપવાદરૂપ બાબતો | ૨૭ | (૩૯૮.૦૩) | (૧૪૩.૨૪) |
| અસાધારણ બાબતો | ૨૮ | ૩૭.૯૨ | ૩૧.૦૬ |
| **કર અગાઉનો નફો / (ખોટ)** | | **૧૫૧૫.૦૬** | **૧૭૦૫.૫૪** |
| **કર બાબતે જોગવાઈ** | ૨૯ | | |
| આવકવેરો | | ૨૬૯.૨૦ | ૪૩૭.૯૧ |
| સંપતિવેરો | | ૦.૯૬ | ૦.૭૪ |
| કુલ | | ૨૭૦.૧૬ | ૪૩૮.૬૫ |
| **ચાલુ વર્ષ માટે કર બાદનો નફો / (ખોટ)** | | **૧૨૪૪.૯૦** | **૧૨૬૬.૮૯** |
| શેરદીઠ આવક (મૂળ) રૂા. | | ૦.૫૨ | ૦.૫૫ |
| શેરદીઠ આવક (ઘટાડેલ) રૂા. | | ૦.૫૨ | ૦.૫૫ |
| **મહત્વની હિસાબી નીતિઓ** | ૧ | | |
| **નાણાંકીય પત્રકો ઉપરની નોંધો** | ૨ થી ૪૧ | | |

ઉક્ત તારીખના અમારા બિડાણ કરેલ અહેવાલ મુજબ,
**અશ્વિન કે. યાજ્ઞિક એન્ડ કંપની વતી**
**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,**
**એફ.આર ક્રમાંક : ૧૦૦૭૧૦ ડબલ્યુ.**

(જપન યાજ્ઞિક)
ભાગીદાર
**સભ્યપદ ક્રમાંક : ૧૧૭૯૫૨**

**સ્થળ : અમદાવાદ**
**દિનાંક : ૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૧૨**

બોર્ડ ઓફ ડાયરેકટર્સ વતી, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

વી. એન. માયરા, આઈએએસ
અધ્યક્ષ

એન. શ્રીવાસ્તવ, આઈએફએસ
વહીવટી નિયામક

આર. બી. કોઠારી, એસીએમએ
જનરલ મેનેજર (નાણાં)

એન. એમ. જોષી, એફસીએસ
કંપની સચિવ

**સ્થળ : અમદાવાદ**
**દિનાંક : ૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૧૨**

## માર્ચ ૩૧, ૨૦૧૨ ના રોજ પુરા થતા વર્ષનું રોકડ પ્રવાહ પત્રક

(₹ લાખ માં)

| વિગત | માર્ચ ૩૧, ૨૦૧૨ ના રોજ | માર્ચ ૩૧, ૨૦૧૧ ના રોજ |
|---|---|---|
| **કર અગાઉનો ચોખ્ખો નફો તથા અગાઉના સમયની સરભર તથા અસાધારણ બાબતો** | **૪૬૫૦.૮૧** | **૧૯૭૦.૫૫** |
| સરભર : (વધારો/ઘટાડો) | | |
| ઘસારો | ૧૩૩૪૮.૧૮ | ૧૨૧૭૬.૪૫ |
| વ્યાજ અને નાણાંકીય ખર્ચ | ૯૦૮૦.૨૮ | ૧૦૧૩૯.૬૪ |
| અગાઉના સમયની સરભર | (૩૦૯૭.૮૩) | (૨૩૩.૯૫) |
| સ્થાયી અસ્કયામતોના વેચાણમાં નફો | (૬૫.૩૯) | (૫૯.૫૮) |
| સ્થાયી અસ્કયામતોના વેચાણમાં ખોટ | ૦.૦૦ | ૦.૭૦ |
| જરૂરી નથી તેવી જોગવાઈ | (૩૩૨.૬૪) | (૮૪.૩૬) |
| થાપણ પર વ્યાજ પેટે | (૧૪૫.૪૧) | (૧૩૫.૭૪) |
| **કાર્યકારી મૂડીમાં ફેરફાર અગાઉનો કાર્ય સંચાલકીય નફો** | **૨૩૪૩૮.૦૦** | **૨૩૭૭૩.૭૧** |
| **કાર્યકારી મૂડીમાં ફેરફાર સામે કરવાનો સરભર :** | | |
| પરચુરણ ખર્ચમાં (વધારો) / ઘટાડો | ૦.૦૦ | (૧૫૫.૯૫) |
| ચાલુ અસ્કયામતો, ધિરાણો અને પેશગીઓમાં (વધારો) / ઘટાડો | (૨૨૫૧૧.૫૪) | ૧૧૧૬૪.૪૨ |
| ચાલુ જવાબદારીઓ તથા જોગવાઈઓમાં વધારો / (ઘટાડો) | ૪૯૪૯૪.૩૫ | ૨૧૦૫૪.૫૨ |
| **કર અને અસાધારણ બાબતો અગાઉ કાર્ય સંચાલનમાંથી નિપજતી રોકડ** | **૫૦૪૨૦.૮૦** | **૫૫૮૩૬.૭૦** |
| બાદ : સીધા કરની ચુકવણી | ૦.૦૦ | ૨૭૨૪.૫૨ |
| **અસાધારણ બાબતો અગાઉ કાર્ય સંચાલનમાંથી નિપજતી રોકડ** | **૫૦૧૬૫.૮૦** | **૫૩૧૧૨.૧૮** |
| બાદ : અસાધરણ બાબતો | ૩૭.૯૨ | ૩૧.૦૬ |
| **અ. કાર્ય સંચાલનમાંથી ઉપાર્જીત ચોખ્ખી આવક** | **૫૦૧૨૭.૮૮** | **૫૩૦૮૧.૧૨** |
| **નાણાંકીય પ્રવૃત્તિઓમાંથી રોકડ પ્રવાહ (આવક)** | | |
| સ્થાયી અસ્કયામતોની ખરીદી | (૩૦૦૮૪.૧૭) | (૨૪૪૨૧.૭૨) |
| (વધારો)/ઘટાડો-પ્રગતિમાં હોય તેવાં મૂડીકૃત કામ | (૧૪૯૬.૫૮) | ૧૯૯.૯૪ |
| સ્થાયી અસ્કયામતોનું વેચાણ/સરભર | ૨૧૨૬.૧૩ | ૧૮૮૦.૭૭ |
| સ્થાયી અસ્કયામતોમાંથી વ્યાજની આવક | ૧૪૫.૪૧ | ૧૩૫.૭૪ |
| **બ. રોકાણને લગતી પ્રવૃત્તિઓની ચોખ્ખી આવક** | **(૨૯૩૦૯.૨૧)** | **(૨૨૨૦૫.૨૭)** |
| **નાણાંકીય પ્રવૃત્તિઓમાંથી આવક ઉપાર્જન** | | |
| ધિરાણમાંથી ઉપાર્જીત આવક | ૪૩૧૩૧૩.૦૦ | ૫૩૦૪.૭૪ |
| ધિરાણની પુનઃ ચુકવણી | (૪૪૫૧૬૭.૧૫) | (૩૨૭૬૯.૨૩) |
| સરકારી અનુદાન, આર્થિક સહાય અને ફાળામાંથી આવક | ૮૦૩૯.૦૯ | ૭૪૯૯.૪૭ |
| ચુકવવામાં આવેલ વ્યાજ અને નાણાંકીય ખર્ચ | (૯૦૮૦.૨૮) | (૧૦૧૩૯.૬૪) |
| **ક. નાણાંકીય પ્રવૃત્તિઓમાં વપરાશમાં લેવાયેલ ચોખ્ખી રોકડ** | **(૧૪૮૯૫.૩૪)** | **(૩૦૧૦૪.૬૬)** |
| **રોકડની ચોખ્ખી આવક / ખર્ચ (અ+બ+ક)** | **૫૯૨૩.૩૩** | **૭૭૧.૧૯** |
| ઉમેરો : ૦૧-૦૪-૨૦૧૧ ના રોજ રોકડ તથા રોકડ પુરાંતોની ઊઘડતી સિલક | **૭૨૬૩.૯૯** | **૬૪૯૨.૮૦** |
| **રોકડ તથા રોકડ પુરાંતોની તા. ૩૧-૦૩-૨૦૧૨ના રોજની બંધ સિલક** | **૧૩૧૮૭.૩૨** | **૭૨૬૩.૯૯** |

**નોંધ :**
(૧) ઉપરોક્ત રોકડ પ્રવાહ પત્રક, તે પરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા ધ્વારા જારી કરવામાં આવેલ હિસાબી ધારાધોરણ-૩-અપ્રત્યક્ષ પધ્ધતિ હેઠળ તૈયાર કરવામાં આવેલ છે.
(૨) ૩૧-૦૩-૨૦૧૨ના રોજની રોકડ તથા રોકડ સમાન ઘટકો પાકા સરવૈયાને સંલગ્ન નોંધ-૧૭ મુજબ છે.
(૩) ચુકવેલ વ્યાજ તથા સ્થાયી અસ્કયામતોની ખરીદી એ બંને મૂડીકૃત કરવામાં આવેલ વ્યાજ ₹ ૫૫૦.૭૯ લાખ (અગાઉના વર્ષમાં ₹ ૧૮૮.૧૪ લાખ) ની રકમમાં અનુક્રમે સામેલ છે.

ઉક્ત તારીખના અમારા બિડાણ કરેલ અહેવાલ મુજબ,
**અશ્વિન કે. યાજ્ઞિક એન્ડ કંપની વતી**
**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,**
**એફ.આર ક્રમાંક : ૧૦૦૭૧૦ ડબલ્યુ.**

**(જપન યાજ્ઞિક)**
**ભાગીદાર**
**સભ્યપદ ક્રમાંક : ૧૧૭૯૫૨**

**સ્થળ : અમદાવાદ**
**દિનાંક : ૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૧૨**

**બોર્ડ ઓફ ડાયરેકટર્સ વતી, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

**વી. એન. માયરા, આઈએએસ**
**અધ્યક્ષ**

**એન. શ્રીવાસ્તવ, આઈએફએસ**
**વહીવટી નિયામક**

**આર. બી. કોઠારી, એસીએમએ**
**જનરલ મેનેજર (નાણાં)**

**એન. એમ. જોષી, એફસીએસ**
**કંપની સચિવ**

**સ્થળ : અમદાવાદ**
**દિનાંક : ૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૧૨**

## ૧. મહત્વની હિસાબી નીતિઓ

**અ. હિસાબો તૈયાર કરવાના આધાર (હિસાબી પ્રણાલી)**

કંપની પોતાના નાણાંકીય પત્રકો, નિર્દેશ કરવામાં આવ્યો ના હોય તેવા સંજોગોમાં, કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૧૧ (૩) (ક) ના સંદર્ભે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઑફ ઈન્ડિયા ધ્વારા જારી કરવામાં આવેલ સુસંગત હિસાબી ધોરણો અને સાધારણ રીતે ભારતમાં સ્વીકૃત ધોરણોને સુસંગત, ઐતિહાસિક ખર્ચ પ્રણાલી અને વધારાને આધારે તૈયાર કરે છે.

કંપનીની વ્યાવસાયિક કામગીરી વીજ અધિનિયમ, ૨૦૦૩ અને ગુજરાત ઈલેકટ્રીસિટી ઈન્ડસ્ટ્રી (પુનઃ વ્યવસ્થાપન અને નિયમન) અધિનિયમ, ૨૦૦૮ ની જોગવાઈઓ અંતર્ગત થાય છે. આ અધિનિયમની જોગવાઈઓ તે અધિનિયમ અંતર્ગત ઘડવામાં આવેલા નિયમો સાથે વંચાણે લેતાં, જ્યાં કંપનીધારા, ૧૯૫૬ ની જોગવાઈઓ સાથે તેઓ સુસંગત ના હોય ત્યાં લાગુ પડે છે.

**બ. અંદાજોની ઉપયોગીતા :**

નાણાંકીય પત્રકો તૈયાર કરવા માટે સંચાલકોએ એવા અંદાજો અને ધારણાઓ કરવા પડે છે જેઓ નાણાંકીય પત્રકો તૈયાર કરવાની તારીખે નિર્દિષ્ટ અસ્કયામતો અને જવાબદારીઓની રકમો (આકસ્મિક જવાબદારીઓ સહિત) પર તેમજ નિદિષ્ટ કરવામાં આવેલ સમય-અવધિ દરમિયાનની આવક તથા ખર્ચ પર અસર કરે. સંચાલકો એવું મંતવ્ય ધરાવે છે કે નાણાંકીય પત્રકો તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવામાં આવેલ અંદાજો વ્યવહારૂ અને વાજબી છે. ભવિષ્યનાં પરિણામો આ અંદાજો કરતાં અલગ હોઈ શકે.

**ક. ગ્રાહકનો ફાળો, મૂડીગત અનુદાન અને આર્થિક સહાય :**

કંપની સીધી લીટીની પધ્ધતિ અનુસાર, વીજકરણ અને સર્વિસ જોડાણ સંબંધી મૂડીગત અસ્કયામતો પર, કંપનીધારા ૧૯૫૬ના પરિશિષ્ટ-૧૪ માં નિર્દિષ્ટ આ અસ્કયામતો સંદર્ભે મુકરર કરવામાં આવેલ દરે ઘસારાની જોગવાઈ કરે છે. કંપની ગ્રાહકનો ફાળો, અનુદાન અને આર્થિક સહાય મેળવે છે, જેની કંપની ધ્વારા વિલંબિત આવક તરીકે ગણતરી કરવામાં આવે છે. વહીવટી અનુકુળતા, વ્યવહારૂ પરિબળો, તથા ખૂબ જ વિસ્તીર્ણ વીજ-વિતરણ નેટવર્ક તેમ જ આઈસીએઆઈના હિસાબી ધોરણો નિર્ધારિત કરતા નિગમ ધ્વારા જારી કરવામાં આવેલ ''નાણાંકીય પત્રકો તૈયાર કરવા અને રજૂ કરવા અંગેના માળખા'' માં નિર્દિષ્ટ સુસંગત અને ભરોસાપાત્ર માહિતી પરના નિગ્રહને લક્ષમાં લેતાં, કંપની ફાળો, અનુદાન અને આર્થિક સહાયની વર્ષાંતે સિલકના ૧૦% જેટલી રકમ નફા-નુકસાન ખાતે તબદીલ કરે છે.

**ડ. સ્થાયી અસ્કયામતો :**

સ્થાયી અસ્કયામતોને વાણિજ્યિક વપરાશ માટે ઊભી કરવામાં યોગ્ય રીતે કરવામાં આવેલા તમામ લાગુ પડતા ખર્ચાઓ સહિતની કિંમતે દર્શવવામાં આવે છે. ૨૦૦૫-૨૦૦૬ માટે સ્થાયી અસ્કયામતોની કુલ ઉઘડતી સિલક, એકત્રિત ઘસારો અને સ્થાયી અસ્કયામતોની ચોખ્ખી કિંમતોને ગુજરાત સરકારના તા. ૩ ઓક્ટોબર, ૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક : જીઓવીટી-૨૦૦૬-૯૧-જીડબલ્યુ-૧૧-૬-૫૯૦-કે અંતર્ગત ઘોષિત મૂલ્યે દર્શાવવામાં આવે છે.

સ્થાયી અસ્કયામતો અને તેના ઘસારા ભંડોળની બાકી રકમો ગુજરાત સરકારના જાહેરનામામાં નિર્દેશ કર્યા મુજબ કંપની ખાતે તબદીલ કરવામાં આવી છે. આ પ્રકારની તબદીલીમાં, તબદીલી યોજના અંર્તગત, અસ્કયામતોની કિંમતના ૭૦% જેટલી રકમ સુધીનો ઘસારો માંડવાળ કરવામાં આવ્યો છે, જે કંપનીના અભિપ્રાય અનુસાર, સાતત્યપૂર્ણ

નવીનીકરણ અને કંપનીના માનવંતા ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો પૂરો પાડવાના હેતુસર ઊભા કરવામાં આવેલી વીજ વિતરણ પ્રણાલીના અનુરક્ષણના કારણે પર્યાપ્તપણે ઉપયોગી આવરદા ધરાવે છે.

વપરાશમાં ના હોય તેવી સ્થાયી અસ્કયામતોને એટલે કે ખૂબ જૂની/ભંગાર અસ્કયામતોને ઉર્પાજિત નહિ તેવી અથવા માંડવાળ કરવામાં આવે તેમાંથી જે ઓછી હોય તે કિંમતે દર્શાવવામાં આવે છે.

**ઈ. પ્રગતિમાં હોય તેવાં મૂડીગત કાર્યો :**

(૧) પ્રગતિમાં હોય તેવાં મૂડીગત કાર્યોમાં જે અસ્કયામતો વપરાશી હેતુ માટે તૈયાર ના હોય અને જ્યારે તે વપરાશ માટે તૈયાર હોય તે તારીખ સુધીમાં મૂડીકૃત કરવામાં આવેલ સ્થાયી અસ્કયામતો પર થયેલા ખર્ચનો સમાવેશ થાય છે. બાંધકામ વિભાગના તમામ ખર્ચની ફાળવણી સંબંધિત યોજનામાં કરવામાં આવેલ વધારા ખાતે પ્રમાણસર ધોરણે તે યોજના ખાતે ફાળવવામાં આવે છે. જો કે, કોર્પોરેટ કચેરી અને ક્ષેત્રીય કચેરીઓના સામાન્ય ખર્ચની ફાળવણી પ્રગતિમાં હોય તેવાં મૂડીગત કાર્યો તરીકે, વર્ષ દરમિયાન થયેલ ફાળવણીપાત્ર ખર્ચના સંદર્ભે નિર્ધારિત કરેલ એકસરખા દરે કરવામાં આવે છે.

(૨) ભાવતાલમાં વધઘટના દાવાઓની ખતવણી તેઓની સ્વીકૃતિ કરવામાં આવે તે ધોરણે કરવામાં આવે છે.

**એફ. અસ્કયામતોનો મૂલ્યહાસ :**

કંપનીની સ્થાયી અસ્કયામતોના ધારણ મૂલ્યમાં ઘટાડાનો કોઈ નિર્દેશ મળે તેવા સંજોગોમાં પ્રત્યેક તારીખના પાકા સરવૈયામાં તેની વિચારણા કરવામાં આવે છે. જો આ પ્રકારનો કોઈ નિર્દેશ હોય તો અસ્કયામતોની વસુલાતપાત્ર રકમ અંદાજવામાં આવે છે. જો અસ્કયામતની આ પ્રકારની વસુલાતપાત્રરકમ અથવા રોકડ ઉપાર્જીત એકમની અસ્કયામતના કિસ્સામાં, વસુસાતપાત્ર રકમ તે અસ્કયામતની કિંમત કરતાં ઓછી હોય તો ધારણ કિંમતને વસુલાતપાત્ર રકમ જેટલી ઘટાડવામાં આવે છે. ઘટાડેલી રકમની ગણના મૂલ્યહાસ તરીકે કરવામાં આવે છે અને તેની ખતવણી નફા-નુકસાન ખાતે કરવામાં આવે છે. પાકા સરવૈયાની તારીખે જો એવો નિર્દેશ મળે કે અગાઉ આકારવામાં આવેલ મૂલ્યહાસ અસ્તિત્વમાં નથી તો વસુલાતપાત્ર રકમની પુનઃઆકારણી કરવામાં આવે છે અને અસ્કયામતોનો નિર્દેશ પુનઃ આકારવામાં આવેલ વસુલાતપાત્ર રકમે કરવામાં આવે છે.

**જી. વિભાગીય માહિતી :**

(૧) વ્યાવસાયિક વિભાગ : કંપનીની એકમાત્ર પ્રવૃતિ વીજ વિતરણની છે. તદ્નુસાર, મુખ્યત્વે વીજ વિતરણના વ્યવસાય અને આનુષંગિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી છે. આમ, ચાર્ટર્ડ એકાઉન્ટ્ન્ટસ ઑફ ઈન્ડિયા ધ્વારા જારી કરવામાં આવેલ હિસાબી ધોરણ-૧૭ ''વિભાગીય અહેવાલ'' લાગુ પડતું નથી.

(૨) ભૌગોલિક વિભાગ : કંપનીની કામગીરી મુખ્યત્વે ગુજરાત પુરતી સીમિત છે. કંપનીની ગુજરાત બહાર અથવા ભારત બહાર કોઈ જ આવક નથી. આમ, અહેવાલ આપવા યોગ્ય કોઈ જ ભૌતિક વિભાગ નથી.

**એચ. માલસામગ્રીની યાદી :**

માલસામગ્રીનું મૂલ્યાંકન નીચે મુજબ આંકવામાં આવેલું છે.

(૧) બિનટકાઉ સામગ્રીનો પુરવઠો અને પૂર્જા, બાંધકામ સ્ટોર, બિનટકાઉ પ્રકારના અનિવાર્ય પૂર્જા-ભારિત સરેરાશ પધ્ધતિએ.

(૨) ભંગાર-મૂળ કિંમતે અથવા ચોખ્ખી મળવાપાત્ર કિંમત (એનઆરવી) બેમાંથી જે ઓછી હોય તે કિંમતે.

**આઈ. આકસ્મિક જવાબદારીઓ પેટે જોગવાઈ :**

જ્યાં ભૂતકાળની કોઈ બાબતને લઈને વર્તમાનમાં જવાબદારી ઊભી થઈ હોય, જેમાં સંભવિતપણે સંસાધનોની

પ્રવાહિતા જરૂરી હોય અને જવાબદારી અંગે ભરોસાપાત્ર અંદાજ મૂકી શકાય તેમ હોય તેવા સંજોગોમાં કંપની જોગવાઈ ઊભી કરે છે. સંભવિત જવાબદારી અથવા વર્તમાન જવાબદારીના કિસ્સાઓમાં જ્યાં સંસાધનના સ્ત્રોતની જરૂરીયાત ના હોય તેવા સંજોગોમાં આકસ્મિક જવાબદારીનો નિર્દેશ કરવામાં આવે છે. સંભવિત જવાબદારી અથવા વર્તમાન જવાબદારીના કિસ્સાઓમાં જ્યાં સંસાધનોના સ્ત્રોતની સંભાવના પાંખી હોય તેવા સંજોગોમાં આ પેટે કોઈ જોગવાઈ અથવા સ્પષ્ટીકરણ કરવામાં આવતું નથી.

જે. **આવકની સ્વીકૃતિ :**

(૧) વીજ વેચાણની આવક :
ગ્રાહકોને લાગુ પડતા ગુજરાત વીજ નિયમન પંચે જારી કરેલા વીજદર માળખું નિર્ધારિત કરતા આદેશોને સુસંગત પૂરી પાડવામાં આવેલ વીજળી માટે વૃધ્ધિના આધારે, વીજ વેચાણની આવકનો નિર્દેશ કરવામાં આવે છે.

(૨) જીયુવીએનએલને વેચાણ આપવામાં આવેલ વધારાની વીજળીની આવકની ખતવણી જીયુવીએનએલ પાસેથી મળતી ક્રેડીટ નોટને આધારે કરવામાં આવે છે.

(૩) ગ્રાહકો પાસેથી મળતી પરચુરણ આવક :
મીટર ભાડું, વીજચોરી/ગેરરીતિના કિસ્સાઓમાં વસુલાત, વ્હીલીંગ ચાર્જની વસુલાતનો નિર્દેશ, ગ્રાહકો પાસેથી રોકડમાં મળતી પરચુરણ આવક સિવાય, વૃધ્ધિના આધારે થાય છે.

(૪) સબસીડીની આવક :
સબસીડીની આવકને જીયુવીએનએલ (ધારક કંપની) ધ્વારા ફાળવવામાં આવેલી સબસીડીની આવકની ખતવણી નફા નુકસાન ખાતે કરવામાં આવે છે.

(૫) અન્ય આવક :

(અ) ભંગાર સામગ્રીના વેચાણ તેમ જ વીમા અંગેના દાવામાંથી નિપજતી આવકની ગણતરી વાસ્તવિક ઉપાર્જનના આધારે કરવામાં આવે છે. વિલંબિત ચુકવણીની આવક (અદાલતમાં મુકદ્દમાઓ દાખલ કરવામાં આવ્યા હોય તે સિવાય) ની ગણત્રી વીજબીલ પેટે બાકી પડતી રકમ સામે ખરેખર પ્રાપ્ત થયેલ આવકના આધારે કરવામાં આવે છે.

(બ) ઉપર દર્શાવેલ સિવાયની અન્ય આવકની ગણતરી આ પ્રકારની આવકનું છેવટનું ઉપાર્જન જ્યાં અનિશ્ચિત હોય તે સિવાયના કિસ્સામાં, વૃધ્ધિના આધારે કરવામાં આવે છે.

(૬) દાવો રજૂ ના કરવામાં આવ્યો હોય તેવી સલામતી થાપણ, બાના પેટે જમા કરાવેલ રકમ તથા ત્રણ કરતાં વધારે વર્ષોથી બાકી હોય તેવી વિક્રતાઓ અને ઈજારદારો પાસેથી મળેલ પરચુરણ થાપણની આવકો, જેઓ ચુકવવાપાત્ર નથી તેવી રકમની ગણતરી આવક તરીકે કરવામાં આવે છે.

કે. **કર્મચારીઓના લાભ :**

(૧) પ્રોવિડન્ટ ફંડ : સુસંગત કાયદા અને નિયમો હેઠળ, અધિકૃત પ્રોવિડન્ટ ફંડમાં, પ્રોવિડન્ટ ફંડનો ફાળો જમા કરાવવામાં આવે છે.

(૨) ગ્રેજ્યુઈટી : ગ્રેજ્યુઈટીની જવાબદારીની ખતવણી જીવનવીમા નિગમ ધ્વારા કરવામાં આવતા મૂલ્યાંકનના આધારે કરવામાં આવે છે. ગણતરીલક્ષી મૂલ્યાંકન મુજબ, ચુકવવાપાત્ર હિસ્સાની જવાબદારીનો નિર્દેશ આવક તરીકે કરવામાં આવે છે.

(૩) રજાઓનું રોકડમાં રૂપાંતર : કંપનીના કર્મચારીઓને નિવૃતિ સમયે રજાઓના રોકડમાં રૂપાંતરનો લાભ આપવામાં આવે છે. કર્મચારીઓ જ્યારે ફરજમાં હોય ત્યારે કંપની તેની રજાઓના રોકડમાં રૂપાંતરની

જવાબદારીની, એલઆઈસી ધ્વારા ગણતરી કરવામાં આવેલ રકમના આધારે ખતવણી કરે છે.

(૪) મુસાફરી ભથ્થું : હક્કદાર કર્મચારીઓને મુસાફરી ભથ્થા ખર્ચની ચુકવણી, વાસ્તવિક રીતે મજરે આપવામાં આવતા નાણાંને આધારે કરવામાં આવે છે.

**એલ. ઉછીનાં લીધેલ નાણાં પરનો ખર્ચ :**

(૧) ગુણવત્તા યુક્ત અસ્કયામત મેળવવા અથવા તેના બાંધકામ પેટે જ નિર્દેશ કરવામાં આવેલ ઉછીનાં નાણાં પરનો ખર્ચ આ પ્રકારની અસ્કયામતના ઘટક તરીકે પૂર્ણપણે ખતવવામાં આવેલ છે.

(૨) સાધારણ પ્રકારના ઉછીના ખર્ચ, જે ગુણવત્તાયુક્ત અસ્કયામતને ફાળવવાપાત્ર નથી તેવા ખર્ચના સંદર્ભમાં, વ્યાજખર્ચની સાધારણ ભારિત સરેરાશને મૂડીકૃત કરીને વર્ષ માટેના પ્રગતિમાં હોય તેવાં મૂડીગત કાર્યની સરેરાશ બાકી પર પ્રમાણસરના ધોરણે ફાળવવામાં આવે છે.

(૩) અન્ય ઉછીના ખર્ચની રકમને તે ખર્ચ જે વર્ષમાં કરવામાં આવ્યો હોય તે સમયગાળામાં ખર્ચ તરીકે દર્શાવવામાં આવે છે.

**એમ. ઘસારો અને ઋણમુક્તિ :**

(૧) ઘસારાની જોગવાઈ કંપનીધારા, ૧૯૫૬ના પરિશિષ્ટ-૧૪ માં દર્શાવેલ દરે સીધી લીટીની પધ્ધતિએ કરવામાં આવે છે.

(૨) ₹ ૫૦૦૦/- સુધીની કિંમતની કોઈપણ ઘસારાપાત્ર અસ્કયામત, તે અસ્કયામત જે વર્ષમાં ખરીદવામાં આવી હોય તે વર્ષમાં આવક તરીકે પૂર્ણપણે ખતવવામાં આવી છે.

(૩) વર્ષ દરમિયાન સ્થાયી અસ્કયામતમાં થયેલ વધારા/ઘટાડા પર ઘસારાની જોગવાઈ, તે અસ્કયામત જે તારીખે વપરાશમાં મૂકવામાં આવી હોય તે તારીખથી, પ્રમાણસર દરે કરવામાં આવે છે.

**એન. કરની જોગવાઈ**

આવકવેરા ધારા, ૧૯૬૧ ની જોગવાઈઓને અનુરૂપ, આકારણીપાત્ર નફાના આધારે આવકવેરાની જોગવાઈ સુનિશ્ચિત કરવામાં આવે છે.

વિલંબિત કરની ઓળખ, કરપાત્ર આવક અને હિસાબપાત્ર આવક જે એક સમયગાળામાં ઉદ્ભવે છે અને એક કે પછીના એક કરતાં વધુ સમયગાળામાં પરિવર્તિત થવા સક્ષમ હોય તેવી આવકો વચ્ચેના તફાવત એટલે કે સમયગાળાના તફાવતના આધારે, ચોકસાઈની ગણતરીને આધીન સુનિશ્ચિત કરવામાં આવે છે. આગળ લઈ જવામાં આવેલ ખાધ તેમ જ ઓળખવામાં નહિ આવેલ ઘસારો જેની જાણકારી, અસ્કયામતની ભવિષ્યમાં કિંમત મળશે તેવી વાસ્તવિક નિશ્ચિતતા થકી મળે છે તે સિવાય વાજબી ખાતરી હોય એટલી માત્રામાં વિલંબિત કર અસ્કયામતની ઓળખ થાય છે અને તેને આગળ લઈ જવામાં આવે છે.

**ઓ. અગાઉના સમયની અસાધારણ બાબતો :**

અગાઉના સમયને લગતી નિર્દેશ કરી શકાય તેવી તમામ આવક અને ખર્ચની રકમની ખતવણી “અગાઉના સમયની બાબતો વગેરે...” અંગેના હિસાબી ધોરણ-૫ માં મુકરર કરવામાં આવેલ અગાઉના સમયની ચોખ્ખી (જમા)/જવાબદારીઓ ધ્વારા કરવામાં આવે છે.

**પી. વિલંબિત મહેસુલી ખર્ચ :**

વીજ કાર્યસાધક પમ્પસેટ યોજના સંદર્ભે થયેલ વિલંબિત મહેસુલી ખર્ચ બાબતની ઋણમુક્તિ પાંચ વર્ષ દરમિયાનના સમયગાળામાં કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ચાલુ વર્ષ દરમિયાન, અમૂર્ત અસ્કયામતો સંદર્ભના હિસાબી ધોરણ-૨૬ ની આવશ્યકતાઓના અનુસંધાનમાં અને સુધારેલ પરિશિષ્ટ-૬ની યોગ્ય રજૂઆત માટે, વર્ષના આરંભે બાકી પડતી રકમને સાધારણ અનામતની સામે માંડવાળ કરવામાં આવી છે.

## માર્ચ ૩૧, ૨૦૧૨ ના રોજ પુરા થતા વર્ષ માટેના નાણાંકીય નિવેદનો પરની નોંધ

### ૨. શેરમૂડી

(₹ લાખ માં)

| વિગત | માર્ચ ૩૧, ૨૦૧૨ ના રોજ | માર્ચ ૩૧, ૨૦૧૧ ના રોજ |
|---|---|---|
| **અધિકૃત શેરમૂડી** | | |
| ₹ ૧૦/- નો એક એવા ૬૦,૦૦,૦૦,૦૦૦ ઈક્વિટી શેર | ૬૦૦૦૦.૦૦ | ૬૦૦૦૦.૦૦ |
| **બહાર પાડેલ, ભરાયેલ અને ભરપાઈ થયેલ મૂડી** | | |
| ₹ ૧૦/- નો એક એવા ૨૩,૭૧,૪૮,૭૨૨ પૂર્ણ ભરપાઈ ઈક્વિટી શેર | | |
| (અગાઉના વર્ષે ૨૩,૭૧,૪૮,૭૨૨ ઈક્વિટી શેર) | ૨૩૭૧૪.૮૭ | ૨૩૭૧૪.૮૭ |
| **કુલ** | **૨૩૭૧૪.૮૭** | **૨૩૭૧૪.૮૭** |

(અ) ગુજરાત સરકારે તા. ૩જી ઓક્ટોબર, ૨૦૦૬ના જાહેરનામાં ક્રમાંક જીએચયુ-૨૦૦૬-૯૧-જીયુવી-૧૧૦૬-૫૯૦-ક ધ્વારા તત્કાલીન ગુજરાત વિદ્યુત બોર્ડની ૧લી એપ્રિલ, ૨૦૦૫ ના રોજ તબદીલ કરવામાં આવેલ જવાબદારીઓના સંદર્ભમાં કંપનીની અસ્કયામતો અને જવાબદારીઓની ઉઘડતી કિંમત ઘોષિત કરી છે. ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગે પોતાના તા. ૧૨ મી ડિસેમ્બર, ૨૦૦૮ ના જાહેરનામા ક્રમાંક જીએચયુ(૨૦૩)-જીયુવી-૧૧૦૬-૫૯૦-ક ધ્વારા, અગાઉના તા. ૩ જી ઓક્ટોબર, ૨૦૦૬ ના જાહેરનામા ક્રમાંક જીએચયુ-૨૦૦૬-૯૧-જીયુવી-૧૧૦૬-૫૯૦-ક માં આંશિક સુધારો કરતાં, અગાઉ જણાવવામાં આવેલ ઈક્વિટી શેરમૂડીનું તા. ૧ લી એપ્રિલ ૨૦૦૮ ની અસરથી, ₹ ૧,૧૦,૮૯,૬૪,૮૦૦/- (₹ ૧૦/- પ્રતિ શેરના ૧૧૦૮૯૬૪૮૦ પૂર્ણ ભરપાઈ ઈક્વિટી શેર) અને ₹ ૩,૩૨,૬૮,૯૪,૪૩૦/- ના શેર પ્રિમિયમ તરીકે દ્વિભાજન કર્યું છે.

(બ) ૨૦૦૮-૦૯ દરમિયાન, ગુજરાત સરકારે ધારક કંપની ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (જીયુવીએનએલ)માં ઈક્વિટી શેરભંડોળ તરીકે, જીયુવીએનએલની સહાયક એવી તમામ વીજ વિતરણ કંપનીઓ ધ્વારા બિન-આદિજાતિ વિસ્તારોમાં જ્યોતિગ્રામ યોજનાના અમલીકરણ માટે આર્થિક સહાય આપી છે. વળતામાં, કંપનીએ ખાનગી સ્રોત ધ્વારા જીયુવીએનએલને પસંદગીયુક્ત ફાળવણીના ધોરણે ₹ ૧૦/- ના એક એવા ૯૬૨૦૨૧૭૨ (પૂર્ણ ભરપાઈ) શેર, ₹ ૯૬,૨૦,૨૧,૭૨૦/- ના એકત્રિત મૂલ્યે ફાળવી આપ્યા છે.

(ક) ૨૦૦૯-૧૦ દરમિયાન, કંપનીએ નાણાંકીય પુર્નગઠન યોજના હેઠળ મળેલ આર્થિક સહાયના બદલામાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (જીયુવીએનએલ)ને હક્કના ધોરણે મૂળ કિંમતે ₹ ૩૦,૦૦,૦૦,૦૦૦/- ના મૂલ્યના ઈક્વિટી શેરની ફાળવણી કરી આપી છે.

### ૩. અનામત અને પુરાંત

(₹ લાખ માં)

| વિગત | માર્ચ ૩૧, ૨૦૧૨ ના રોજ | માર્ચ ૩૧, ૨૦૧૧ ના રોજ |
|---|---|---|
| (અ) ઈક્વિટી શેર પ્રિમીયમ ખાતું | ૩૩૨૬૮.૯૪ | ૩૩૨૬૮.૯૪ |
| (બ) પુરાંત : (નફા-નુકસાન ખાતું) | | |
| આગળના વર્ષની બાકી આગળ લાવ્યા | ૪૩૮૬.૫૭ | ૩૧૧૯.૬૮ |
| ઉમેરો : વર્ષનો નફો | ૧૨૪૪.૯૦ | ૧૨૬૬.૮૯ |
| બાદ : માંડવાળ કરવામાં આવેલ વિલંબિત મહેસુલી ખર્ચ | (૨૦૯૬.૩૧) | ૦.૦૦ |
| (મહત્વની હિસાબી નીતિઓના મૂદ્દા ક્રમ-પી જુઓ) | | |
| કુલ (બ) | **૩૫૩૫.૧૬** | **૪૩૮૬.૫૭** |
| કુલ (અ+બ) | **૩૬૮૦૪.૧૦** | **૩૭૬૫૫.૫૧** |

## ૪. વિલંબિત સરકારી અનુદાન, આર્થિક સહાય અને ફાળો

(₹ લાખ માં)

| વિગત | માર્ચ ૩૧, ૨૦૧૨ ના રોજ | માર્ચ ૩૧, ૨૦૧૧ ના રોજ |
|---|---|---|
| **વિલંબિત સરકારી અનુદાન, આર્થિક સહાય અને ફાળો** | | |
| મૂડીગત અસ્કયામતના ખર્ચ પેટે આર્થિક સહાય | ૧૭૭૮૫.૯૪ | ૧૫૬૮૯.૨૭ |
| મૂડીગત અસ્કયામતો માટેનું અનુદાન | ૧૯૩૨.૮૦ | ૨૧૪૭.૫૫ |
| મૂડગીત અસ્કયામતો માટે ગ્રાહકોનો ફાળો | ૩૭૪૯૪.૦૪ | ૨૯૫૫૯.૪૨ |
| નાણાંકીય પુર્નગઠન યોજના હેઠળ મૂડીગત અનુદાન | ૨૮૮૮.૫૦ | ૩૨૦૯.૪૩ |
| વીજ કાર્યસાધક પમ્પ-સેટ માટે વીજ સંરક્ષણ અનુદાન | ૦.૦૦ | ૧૪૫૬.૫૨ |
| કુલ | ૬૦૧૦૧.૨૮ | ૫૨૦૬૨.૧૯ |

## ૫. લાંબાગાળાનાં ધિરાણો

(₹ લાખ માં)

| વિગત | માર્ચ ૩૧, ૨૦૧૨ ના રોજ | | માર્ચ ૩૧, ૨૦૧૧ ના રોજ | |
|---|---|---|---|---|
| | બિન-વર્તમાન | વર્તમાન | બિન-વર્તમાન | વર્તમાન |
| (અ) **<u>સુરક્ષિત ધિરાણ</u>** | | | | |
| બેંકો પાસેથી મેળવેલ ધિરાણ | ૦.૦૦ | ૧૪૪૫.૭૭ | ૧૪૪૫.૪૪ | ૭૨૨૯.૦૦ |
| વિલંબિત ચુકવણીની બાંહેધરી અંર્તગત બીલ ડિસ્કાઉન્ટ-યુબીઆઈ | ૨૨૦.૯૫ | ૭૮૩.૨૪ | ૧૦૦૪.૨૦ | ૭૮૩.૨૪ |
| વિલંબિત ચુકવણીની બાંહેધરી અંતર્ગત બીલ ડિસ્કાઉન્ટ-સીડબી | ૬૨.૮૬ | ૧૨૧.૪૦ | ૧૮૪.૨૬ | ૧૨૧.૪૦ |
| આરઈસી પાસેથી મેળવેલ ધિરાણ | ૧૭૦૫.૭૮ | ૫૫૩.૮૨ | ૨૨૫૯.૬૦ | ૬૦૭.૫૬ |
| કુલ (અ) | ૧૯૮૯.૫૯ | ૨૯૦૪.૨૩ | ૪૮૯૩.૫૦ | ૮૭૪૧.૨૦ |
| (બ) **<u>અસુરક્ષિત ધિરાણ</u>** | | | | |
| બેંકો પાસેથી મેળવેલ ધિરાણ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૫૧.૫૨ |
| જીએસએફએસ પાસેથી મેળવેલ ધિરાણ | ૦.૦૦ | ૯૪૬.૦૬ | ૯૪૬.૦૫ | ૧૫૦૯.૮૭ |
| મૂડી પર ચુકવણી બાકી | ૦.૦૦ | ૯.૨૫ | ૦.૦૦ | ૪૧.૯૯ |
| **પબ્લિક બોન્ડ્ઝ** | | | | |
| ૧૧.૫૦% શ્રેણી-૬; વિકલ્પ-૨ | ૦.૦૦ | ૧૨૫૮.૮૦ | ૧૨૫૮.૮૦ | ૯૪૪.૧૦ |
| ૧૧.૭૫% શ્રેણી-૬; વિકલ્પ-૩ | ૬૩૦.૨૩ | ૨૭૦.૧૦ | ૯૦૦.૩૩ | ૦.૦૦ |
| ૭.૫૦% શ્રેણી-૬; વિકલ્પ-૩ | ૧૧૬૪.૬૫ | ૪૯૯.૧૩ | ૧૬૬૩.૭૮ | ૦.૦૦ |
| ૧૧.૨૫% શ્રેણી-૭; વિકલ્પ-૨ | ૧૭.૫૭ | ૧૩.૧૮ | ૩૦.૭૫ | ૧૩.૧૮ |
| ૧૧.૫૦% શ્રેણી-૭; વિકલ્પ-૩ | ૫૯૦.૪૨ | ૦.૦૦ | ૫૯૦.૪૨ | ૦.૦૦ |
| ૮.૯૫% શ્રેણી-૮ | ૫૩૮૦.૩૫ | ૦.૦૦ | ૫૩૮૦.૩૫ | ૨૯૬.૩૭ |
| ૮.૦૦% શ્રેણી-૯ | ૮૫૫.૧૯ | ૦.૦૦ | ૮૫૫.૧૮ | ૨૫૪.૦૦ |
| ૮.૦૦% શ્રેણી-૧૦ | ૨૩૮૪.૨૦ | ૦.૦૦ | ૨૩૮૪.૨૦ | ૯૪૩.૩૬ |
| એસએલઆર બોન્ડ્ઝ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૬૨૫.૮૦ |
| પાવર ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ પાસેથી ધિરાણ | ૨૩૭૨.૭૦ | ૦.૦૦ | ૨૩૭૨.૭૦ | ૦.૦૦ |
| રૂરલ ઈલેક્ટ્રીફિકેશન કોર્પોરેશન પાસેથી ધિરાણ | ૫૩.૯૩ | ૦.૦૦ | ૪૭.૯૪ | ૩૫.૦૦ |
| આરઈસી (આરજીજીવીવાય) પાસેથી ધિરાણ | ૬૪૯.૫૭ | ૦.૦૦ | ૬૧૪.૨૦ | ૦.૦૦ |
| ગ્રાહકો ધ્વારા નાણાંકીય સહભાગિતા | ૦.૦૦ | ૦.૦૦ | ૫.૭૩ | ૦.૦૦ |
| **<u>સરકારી ધિરાણો</u>** | | | | |
| એપીડીઆરપી હેઠળ ધિરાણ | ૨૧૯૩.૨૨ | ૨૨૧.૦૨ | ૨૪૧૪.૨૪ | ૨૨૧.૦૨ |
| એડીબી કાર્યક્રમ અને પરિયોજના પેટે ધિરાણ | ૪૫૪૦.૧૬ | ૩૭૬.૪૮ | ૪૯૧૬.૬૪ | ૩૭૧.૮૮ |
| કુલ (બ) | ૨૦૮૩૨.૧૯ | ૩૫૯૪.૦૨ | ૨૪૩૮૧.૩૧ | ૫૭૦૮.૦૯ |
| કુલ | ૨૨૮૨૧.૭૮ | ૬૪૯૮.૨૫ | ૨૯૨૭૪.૮૧ | ૧૪૪૪૯.૨૯ |

૧. રૂરલ ઈલેકટ્રીફિકેશન કોર્પોરેશન લિમિટેડ પાસેથી મેળવેલ ધિરાણને યુજીવીસીએલના ઈડર અને તલોદ સંચાલન અને નિભાવ વિભાગીય કચેરીઓ અને હિંમતનગર વર્તુળ કચેરી/વિભાગીય કચેરી/આરએસઓ/મોડાસા વિભાગીય કચેરી તથા મહેસાણા વર્તુળ/વિભાગીય કચેરી/આરએસઓ અને કલોલ વિભાગીય કચેરીઓની અસ્કયામતોના પ્રથમ ગીરો ખર્ચ ખાતે સુરક્ષિત કરવામાં આવ્યું.

૨. ઈન્ડિયન ઓવરસીઝ બેંક પાસેથી મેળવેલ ધિરાણને પીજીવીસીએલના ધ્રાંગધ્રા તથા સુરેન્દ્રનગર સંચાલન તથા નિભાવ કચેરીની અસ્કયામતોના પ્રથમ ગીરો ખર્ચ સામે સુરક્ષિત કરવામાં આવ્યું.

૩. ઈન્ડિયન ઓવરસીઝ બેંક પાસેથી મેળવેલ ધિરાણને જેટકોના વિજાપુર, મહેસાણા અને છત્રાલ પરિવહન વિભાગીય કચેરીઓની અસ્કયામતોના પ્રથમ ગીરો ખર્ચ સામે સુરક્ષિત કરવામાં આવ્યું.

૪. યુનિયન બેંક ઓફ ઈન્ડિયા પાસેથી મેળવેલ ધિરાણને જેટકોના સોજા, ધનસુરા અને છત્રાલ પરિવહન વિભાગીય કચેરીઓની અસ્કયામતોના પ્રથમ ગીરો ખર્ચ સામે સુરક્ષિત કરવામાં આવ્યું.

૫. અલ્હાબાદ બેંક પાસેથી મેળવેલ ધિરાણને યુજીવીસીએલના સાબરમતી, ગાંધીનગર અને બાવળા સંચાલન અને નિભાવ કચેરીઓની અસ્કયામતોના પ્રથમ ગીરો ખર્ચ સામે સુરક્ષિત કરવામાં આવ્યું.

૬. કેનેરા બેંક પાસેથી મેળવેલ ધિરાણને મધ્ય ગુજરાત વીજ કંપનીના ગોધરા અને વડોદરા સંચાલન અને નિભાવ કચેરીઓની અસ્કયામતોના પ્રથમ ગીરો ખર્ચ સામે સુરક્ષિત કરવામાં આવ્યું.

૭. દેના બેંક પાસેથી મેળવેલ ધિરાણને જેટકોની અમરેલી, ઢસા અને વરતેજ પરિવહન વિભાગીય કચેરીઓની અસ્કયાતોના પ્રથમ ગીરો ખર્ચ સામે સુરક્ષિત કરવામાં આવ્યું.

૮. યુનિયન બેંક ઑફ ઈન્ડિયા અને સીડબી પાસેથી મેળવેલ બીલ વટાવ અવધિને બેંકોના સંઘે જારી કરેલ વિલંબિત ચુકવણા બાંહેધરી હેઠળ સુરક્ષિત કરવામાં આવી.

**સુરક્ષિત ધિરાણ**

**પાકતી મુદતની જાણકારી અને બેંકો પાસેથી મેળવેલ ધિરાણ પર વ્યાજદર** **(₹ લાખ માં)**

| બેંકનું નામ | વ્યાજદર (%) | ૨૦૧૨-૧૩ |
|---|---|---|
| ઈન્ડિયન ઓવરસીઝ બેંક | ૮.૫૦ | ૧૪૭.૨૯ |
| ઈન્ડિયન ઓવરસીઝ બેંક | ૯.૫૦ | ૧૫૧.૯૭ |
| યુનિયન બેંક ઑફ ઈન્ડિયા | ૧૦.૭૫ | ૮૨.૯૦ |
| અલ્હાબાદ બેંક | ૯.૦૦ | ૨૪૮.૭૦ |
| કેનેરા બેંક | ૧૦.૭૫ | ૭૧૬.૫૬ |
| દેના બેંક | ૧૦.૭૫ | ૯૮.૩૫ |
| કુલ | | ૧૪૪૫.૭૭ |

**પાકતી મુદતની જાણકારી અને યુબીઆઈ અને સીડબીની બીલ ડિસ્કાઉન્ટની સવલત પર વ્યાજદર** **(₹ લાખ માં)**

| | વ્યાજદર (%) | પાકતી મુદતનું વર્ણન | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | કુલ |
| યુબીઆઈ | ૯.૫૦ | ૫૮૩.૬૦ | ૧૨૧.૧૩ | ૦.૦૦ | ૭૦૪.૭૩ |
| | ૧૦.૭૫ | ૧૯૯.૬૪ | ૯૯.૮૨ | ૦.૦૦ | ૨૯૯.૪૬ |
| | **કુલ** | **૭૮૩.૨૪** | **૨૨૦.૯૫** | **૦.૦૦** | **૧૦૦૪.૧૯** |
| | વ્યાજદર (%) | પાકતી મુદતનું વર્ણન | | | |
| | | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | કુલ |
| સીડબી | ૯.૭૫ | ૧૧૧.૩૩ | ૪૨.૭૧ | ૦.૦૦ | ૧૫૪.૦૪ |
| | ૮.૫૦ | ૧૦.૦૭ | ૧૦.૦૭ | ૧૦.૦૭ | ૩૦.૨૧ |
| | **કુલ** | **૧૨૧.૪૦** | **૫૨.૭૮** | **૧૦.૦૭** | **૧૮૪.૨૫** |

## પાકતી મુદતની જાણકારી અને આરઈસી પાસેથી મેળવેલ ધિરાણ પર વ્યાજદર

(₹ લાખ માં)

| વ્યાજદર | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૮.૫૦ | ૨૭૫.૬૯ | ૨૭૫.૬૯ | ૨૭૫.૬૯ | ૨૭૫.૬૯ | ૧૦.૮૩ | ૧૦.૮૩ | ૧૧૨૪.૪૨ |
| ૯.૨૫ | ૩૪.૧૬ | ૩૪.૧૬ | ૩૪.૧૬ | ૩૪.૧૬ | ૭.૪૪ | ૭.૪૪ | ૧૫૧.૫૨ |
| ૧૦.૦૦ | ૧૫૩.૮૧ | ૧૫૩.૮૧ | ૧૫૩.૮૧ | ૧૫૩.૮૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૬૧૫.૨૪ |
| ૧૦.૫૦ | ૮૮.૭૫ | ૮૮.૭૫ | ૮૮.૭૫ | ૮૮.૭૫ | ૩.૮૯ | ૩.૮૯ | ૩૬૨.૭૮ |
| ૧૧.૦૦ | ૧.૪૧ | ૧.૪૧ | ૧.૪૧ | ૧.૪૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૫.૬૪ |
| કુલ | ૫૫૩.૮૨ | ૫૫૩.૮૨ | ૫૫૩.૮૨ | ૫૫૩.૮૨ | ૨૨.૧૬ | ૨૨.૧૬ | ૨૨૫૯.૬૦ |

## અસુરક્ષિત ધિરાણ
## પાકતી મુદતની જાણકારી અને બોન્ડ્ઝ અને જીએસએફએસ પાસેથી મેળવેલ ધિરાણ પર વ્યાજદર

(₹ લાખ માં)

| વ્યાજદર | પાકતી મુદતનું વર્ણન | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | |
| | બોન્ડ્ઝ | | | | | |
| ૧૧.૫૦% શ્રેણી-૬; વિકલ્પ-૨ | ૧૨૫૮.૮૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૨૫૮.૮૦ |
| ૧૧.૭૫% શ્રેણી-૬; વિકલ્પ-૩ | ૨૭૦.૧૦ | ૨૭૦.૧૦ | ૩૬૦.૧૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૯૦૦.૩૩ |
| ૭.૫૦% શ્રેણી-૬; વિકલ્પ-૩ | ૪૯૯.૧૪ | ૪૯૯.૧૪ | ૬૬૫.૫૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૬૬૩.૭૯ |
| ૧૧.૨૫% શ્રેણી-૭; વિકલ્પ-૨ | ૧૩.૧૮ | ૧૭.૫૭ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩૦.૭૫ |
| ૧૧.૫૦% શ્રેણી-૭; વિકલ્પ-૩ | ૦.૦૦ | ૫૯૦.૪૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫૯૦.૪૨ |
| ૮.૯૫% શ્રેણી-૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૬૧૪.૧૦ | ૧૬૧૪.૧૦ | ૨૧૫૨.૧૪ | ૫૩૮૦.૩૪ |
| ૮% શ્રેણી-૯ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૫૬.૫૬ | ૨૫૬.૫૬ | ૩૪૨.૦૭ | ૮૫૫.૧૯ |
| ૮% શ્રેણી-૧૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૭૧૫.૨૬ | ૭૧૫.૨૬ | ૯૫૩.૬૮ | ૨૩૮૪.૨૦ |
| કુલ | ૨૦૪૧.૨૨ | ૧૩૭૭.૨૩ | ૩૬૧૧.૫૬ | ૨૫૮૫.૯૨ | ૩૪૪૭.૮૯ | ૧૩૦૬૩.૮૨ |
| જીએસએફએસ પાસેથી મેળવેલ ધિરાણ | | | | | | |
| જીએસએફએસ | ૯૪૬.૦૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૯૪૬.૦૩ |
| કુલ | ૯૪૬.૦૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૯૪૬.૦૩ |

## આરઈસી પાસેથી મેળવેલ ધિરાણની વિગત

(₹ લાખ માં)

| વર્ષ | સરેરાસ વ્યાજ દર | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | કુલ |
|---|---|---|---|---|---|---|
| રકમ | ૯.૨૫% | ૨૧.૪૬ | ૧૪.૦૬ | ૧૧.૮૦ | ૬.૬૨ | ૫૩.૯૩ |

**પાકતી મુદતની સ્થિતિ અને સરકારી ધિરાણ પરનો વ્યાજદર**

(₹ લાખ માં)

| વિગત | અવધિ | | | | | |
|---|---|---|---|---|---|---|
| | વ્યાજ દર | ૧-૨ વર્ષ | ૨-૩ વર્ષ | ૩-૪ વર્ષ | ૪ વર્ષ કરતાં વધુ | કુલ |
| એડીબી પાસેથી મેળવેલ ધિરાણ | ૧૦.૬૯% | ૩૭૬.૪૮ | ૩૮૦.૦૩ | ૩૮૦.૦૩ | ૩૭૮૦.૧૦ | ૪૯૧૬.૬૪ |
| એપીડીઆરપી માટેનું ધિરાણ | ૧૨.૧૮% | ૨૨૧.૦૨ | ૨૨૧.૦૨ | ૨૨૧.૦૨ | ૧૭૫૧.૧૯ | ૨૪૧૪.૨૪ |
| **કુલ** | | **૫૯૭.૫૦** | **૬૦૧.૦૫** | **૬૦૧.૦૫** | **૫૫૩૧.૨૯** | **૭૩૩૦.૮૮** |

**અ.** રૂરલ ઈલેક્ટ્રીફીકેશન કોર્પોરેશન (REC) અને પાવર ફાયનાન્સ કોર્પોરેશન પાસેથી મળેલ ધિરાણ હજુપણ દેવા-મોકુફીની અવધિમાં છે અને નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં કોઈ જ હપ્તો ચુકવવાનો બાકી નથી.

**બ.** તત્કાલીન જીઈબી ધ્વારા બોન્ડ્ઝ, બેંકો, પીએફસી, આરઈસી, નાણાંકીય સંસ્થાઓ અને અન્ય ધીરધાર કરનારાઓ પાસેથી વીજ ઉત્પાદન, વીજ વહન અને વીજ વિતરણ પ્રવૃત્તિઓની અસ્કયામતો સામે મેળવવામાં આવેલ તથા સામાન્ય હેતુસર જેઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેવાં ધિરાણો, તબદીલી કરનાર તમામ કંપનીઓ વતી જીઈબી (હવે જીયુવીએનએલ) ના હિસાબી ચોપડાઓમાં દર્શાવાય છે અને આ ધિરાણો તબદીલી કરનાર કંપનીઓમાં તા. ૩જી ઓકટોબર, ૨૦૦૬ના નાણાંકીય પુર્નગઠન યોજના અંગેના જાહેરનામા અંર્તગત સપ્રમાણ દરે વહેંચી આપવામાં આવ્યાં છે તેમ જ ઉક્ત ધિરાણોની ધારક કંપની જીયુવીએનએલ પાસેથી મળેલ માહિતી મુજબ, કંપની ખતવણી કરે છે. આ ધિરાણોની પરત ચુકવણી અને તે પરના વ્યાજની રકમ કંપની ધ્વારા જીયુવીએનએલ ને ચુકવી આપવામાં આવે છે.

ઉક્ત પરિપ્રેક્ષ્યમાં, ઉક્ત ધિરાણોનું સુરક્ષિત ધિરાણો અથવા અસુરક્ષિત ધિરાણો તરીકે વર્ગીકરણ અને સામુદાયિકરણ કરવામાં આવે છે.

**ક. જીયુવીએનએલ ધ્વારા સુરક્ષા બાહેંધરી માટે તારણમાં મૂકવામાં આવેલ અસ્કયામતો :**

સલાહકારના કાયદાકીય અભિપ્રાય અનુસાર, હસ્તાંતરિત કંપની (યુજીવીસીએલ), જેણે પૂર્વ જીઈબી ધ્વારા અગાઉ તારણમાં મૂકવામાં આવેલ અસ્કયામતો મેળવેલ હતી, તેણે કંપનીધારા, ૧૯૫૬ની જોગવાઈઓ અંતર્ગત તારણની નોંધણી કરાવવી આવશ્યક છે. પૂર્વ જીઈબીના તમામ કામગીરીઓ માટેના નિર્ધારિત સામાન્ય ભંડોળને લઈને, તેની તમામ અસ્કયામતોના તારણ સામે ભંડોળ ઊભું કરવામાં આવ્યું હતું. જો કે, દરેક કંપનીને તબદીલ કરવામાં આવેલ અલગ અસ્કયામતોની સામે સુરક્ષિત કરવામાં આવેલ પૂર્વ જીઈબીનાં સુરક્ષિત ધિરાણોની રકમની હજુ સુધી જાણકારી મળેલ નથી. તેથી, યુજીવીસીએલ રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ, ગુજરાત સાથે આ અસ્કયામતો પરની જવાબદારીની નોંધણી કરાવી શકેલ નથી.

ધારક કંપની એટલે કે જીયુવીએનએલ ધ્વારા મેળવવામાં આવેલ નીચેનાં ધિરાણો સામે અલ્હાબાદ બેંક પાસે તારણ તરીકે મૂકવામાં આવી છે અને આ જવાબદારીઓની નોંધણી રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ, ગુજરાત સમક્ષ કરાવવામાં આવી છે.

(૧) અલ્હાબાદ બેંક પાસેથી મેળવવામાં આવેલ ₹ ૩૦૦૦.૦૦ લાખના ધિરાણને (અગાઉના વર્ષે ₹ ૭૦૦૦.૦૦ લાખ) સાબરમતી સંચાલન અને નિભાવ, ગાંધીનગર સંચાલન અને નિભાવ કચેરીઓ અને બાવળા સંચાલન અને નિભાવ કચેરીની માત્ર રેષા અને કેબલની અસ્કયામતો પરના પ્રથમ ગીરો ખત સામે તારણમાં મૂકવામાં આવેલ છે.

## ૬. અન્ય લાંબાગાળાની જવાબદારીઓ

(₹ લાખ માં)

| વિગત | માર્ચ ૩૧, ૨૦૧૨ ના રોજ | માર્ચ ૩૧, ૨૦૧૧ ના રોજ |
|---|---|---|
| ગ્રાહકો પાસેથી મળેલ સલામતીની થાપણો | ૬૭૮૯૨.૭૪ | ૬૫૩૦૪.૦૧ |
| સ્ટાફ સંબંધી જવાબદારીઓ (એસવીડીઆરબી) | ૧૭૭૦.૮૮ | ૧૧૫૩.૮૧ |
| કુલ | **૬૯૬૬૩.૬૨** | **૬૬૪૫૭.૮૨** |

## ૭. લાંબાગાળાની જોગવાઈઓ

(₹ લાખ માં)

| વિગત | માર્ચ ૩૧, ૨૦૧૨ ના રોજ | માર્ચ ૩૧, ૨૦૧૧ ના રોજ |
|---|---|---|
| રજાઓના રોકડમાં રૂપાંતરની જવાબદારી | ૮૯૩૮.૩૦ | ૮૦૭૮.૧૨ |
| અનિર્ણીત તપાસને કારણે ઉદ્ભવતી ખાધ સામે જોગવાઈ | ૨૭૬.૯૫ | ૨૬૬.૧૯ |
| ગ્રાહકો પાસેથી સંશયી લેણાં અંગે જોગવાઈ | ૭૨૬૩.૨૧ | ૭૪૩૩.૦૪ |
| કુલ | **૧૬૪૭૮.૪૬** | **૧૫૭૭૭.૩૫** |

## ૮. ટૂંકાગાળા માટેનાં ધિરાણો

(₹ લાખ માં)

| વિગત | માર્ચ ૩૧, ૨૦૧૨ ના રોજ | માર્ચ ૩૧, ૨૦૧૧ ના રોજ |
|---|---|---|
| **સુરક્ષિત** | | |
| બેંકો પાસેથી મળેલ રોકડ શાખ | ૫૪૯.૯૪ | ૦.૦૦ |
| કુલ | **૫૪૯.૯૪** | **૦.૦૦** |

રોકડશાખ મર્યાદાને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સંઘીય બેંકોની તરફેણમાં યુજીવીસીએલની સામગ્રીના જથ્થા અને હિસાબી ચોપડાઓમાં નિર્દિષ્ટ ઋણ પર પ્રથમ ગીરોખત સામે એક સમાન ધોરણે સુરક્ષિત કરવામાં આવ્યું.

## ૯. ચુકવવાપાત્ર વ્યવહારો

(₹ લાખ માં)

| વિગત | માર્ચ ૩૧, ૨૦૧૨ ના રોજ | માર્ચ ૩૧, ૨૦૧૧ ના રોજ |
|---|---|---|
| જીયુવીએનએલ સિવાય વીજ ખરીદી અંગેની જવાબદારી | ૫૬૦૩.૦૧ | ૩૧૬.૮૨ |
| વીજ ખરીદી અંગેની જવાબદારી જીયુવીએનએલ | ૩૩૦૧૯.૪૩ | ૧૫૩૦૨.૮૫ |
| કુલ | **૩૮૬૨૨.૪૪** | **૧૫૬૧૯.૬૭** |

## ૧૦. અન્ય ચાલુ જવાબદારીઓ

(₹ લાખ માં)

| વિગત | માર્ચ ૩૧, ૨૦૧૨ ના રોજ | માર્ચ ૩૧, ૨૦૧૧ ના રોજ |
|---|---|---|
| લાંબાગાળાનાં ધિરાણોની હાલની પાકતી મુદત | | |
| (નોંધ-૪ જુઓ) | ૬૪૯૮.૨૫ | ૧૪૪૪૯.૨૯ |
| **ચાલુ જવાબદારીઓ** | | |
| સંચાલન અને નિભાવ પુરવઠો/કામગીરી અંગેની જવાબદારી | ૧૩૩૬.૧૨ | ૧૫૨૦.૮૨ |
| સ્ટાફ સંબંધી જવાબદારીઓ | ૩૫.૭૩ | ૪૦.૫૩ |
